E mail - prdpraval@yahoo.co.uk
www.janfariyadnews.com
RNI No.: GUJGUJ/2014/59295

# ન્યુઝ ઓફ ગાંધીનગર

NEWS OF GANDHINAGAR (Daily) दैनिक

*Editor : Pradip A. Raval (Mo) 98246 53073 * Block No.677/2, Gh Type, Sector - 8, Gandhinagar (Gujarat)

* Volume : 10 * Issue No. 327 * Date: 17.09.2024,Tuesday * Page :04 * Rs. 1.00/- * Annual Rs. 351/-

# કેરળમા ખતરનાક વાયરસના કારણે શાળા-કોલેજ બંધ, માસ્ક ફરજિયાત




કેરળના મલપ્પુરમ જિલ્લામાં વધી રહેલા નિપાહ વાઈરસના કેસ વધવાના કારણે બીજા વ્યક્તિનું મૃત્યુ થયા બાદ વિશેષ નિયંત્રણો લાદવામાં આવ્યા છે. એક અહેવાલ અનુસાર, તુરુવલ્લી ગ્રામ પંચાયતના વોર્ડ ૪, ૫, ૬ અને ૭ તેમજ મામપત ગ્રામ પંચાયતના વોર્ડ ૭માં શાળાઓ, કોલેજો, આંગણવાડીઓ અને ટ્યુશન સેન્ટરો આગામી આદેશો સુધી બંધ રાખવામાં આવ્યા છે.મૃત્યુ પામેલો વ્યક્તિ ૨૪ વર્ષીય મલપ્પુરમનો રહેવાસી હતો. મૃતકના સંપર્કમાં આવેલા ૧૫૦ થી વધુ લોકોને હવે વાઈરસના વધુ ફેલાવાને રોકવા માટે નિરીક્ષણ હેઠળ રાખવામાં આવ્યા છે. જિલ્લામાં વધારાના નિયંત્રણો પણ લાદવામાં આવ્યા છે. આ ઉપરાંત મેડિકલ સ્ટોર્સ સિવાય વેપાર ધંધાને સવારે ૧૦ થી સાંજના ૭ વાગ્યા સુધી કામ કરવાની છૂટ આપવામાં આવી છે. સિનેમાઘરો, થિયેટરો, શાળાઓ, કોલેજો, આંગણવાડીઓ, મદરેસા અને ટ્યુશન ક્લાસીસને આગામી આદેશ સુધી બંધ રાખવાનો આદેશ કરવામાં આવ્યો છે. અને જાહેર સ્થળોએ માસ્ક પહેરવું ફરજિયાત કરવામાં આવ્યું છે.જ્યારે મલપ્પુરમ જિલ્લામાં શૈક્ષણિક સંસ્થાઓ બંધ રાખવામાં આવી છે, ત્યારે કેરળના અન્ય ભાગોમાં શાળાઓ અને કોલેજોએ વિદ્યાર્થીઓ, શિક્ષકો અને બિન-શિક્ષણ કર્મચારીઓની સલામતી સુનિશ્ચિત કરવા માટે કેટલીક મહત્વપૂર્ણ માર્ગદર્શિકાઓ બહાર પાડી છે જે નીચે મુજબ છે.....ફરજિયાત માસ્ક અને સ્વચ્છતાનું પાલનઃ તમામ વિદ્યાર્થીઓ, સ્ટાફ અને મુલાકાતીઓ કેમ્પસમાં હોય ત્યારે દરેક સમયે માસ્ક પહેરે અને વર્ગખંડો, પ્રવેશદ્વારો અને સામાન્ય વિસ્તારોમાં હેન્ડ સેનિટાઈઝર ઉપલબ્ધ કરાવીને ચેપનું જોખમ ઘટાડવા માટે વારંવાર હાથ ધોવાને પ્રોત્સાહિત કરો.નિયમિત આરોગ્ય તપાસઃ પ્રવેશ દ્વાર પર દરરોજ તાપમાન તપાસો અને તાવ, માથાનો દુખાવો અને શ્વસન સમસ્યાઓ જેવા લક્ષણોનું નિરીક્ષણ કરો. લક્ષણો ધરાવતા વિદ્યાર્થીઓ અથવા સ્ટાફને ઘરે રહેવા અને તાત્કાલિક તબીબી સારવાર લેવાની સલાહ આપવી જોઈએ.ડીસ-ઈન્ફેક્શન અને સફાઈ પ્રોટોકોલ્સઃ વારંવાર વધારે સ્પર્શ કરવામાં આવતી સપાટી જેમ કે ડેસ્ક, દરવાજાના હેન્ડલ્સને ડીસ-ઈન્ફેક્ટ કરો. વર્ગખંડો, કાફેટેરિયા અને લાઈબ્રેરી જેવી જગ્યાઓ સમગ્ર દિવસમાં ઘણી વખત સાફ કરવી જોઈએ.શારીરિક અંતર અને ઓછી ભીડ કરવીઃ વર્ગખંડો અને સામાન્ય વિસ્તારોમાં શારીરિક અંતર જાળવવા માટે બેઠકની ફરીથી ગોઠવવી જોઈએ. રમતગમતના કાર્યક્રમો અને જૂથમાં કરવામાં આવતી પ્રવૃત્તિઓને ટાળીને હજેર મેળાવડાને મર્યાદિત કરવો જોઈએ.હાઈબ્રિડ લર્નિંગ અને જાગૃતિ કાર્યક્રમઃ કેમ્પસમાં વિદ્યાર્થીઓની હાજરી ઘટાડવા માટે શક્ય હોય ત્યાં હાઈબ્રિડ મોડલ અથવા સંપૂર્ણ ઓનલાઈન ક્લાસમાં શિફ્ટ કરવું જોઈએ. વિદ્યાર્થીઓ અને સ્ટાફને કેમ્પસની આસપાસ જાગૃતિ લાવવા માટે સત્રો અને પોસ્ટરો દ્વારા નિપાહ વાયરસ તેના પ્રસારણ, લક્ષણો અને નિવારણ માટેના પગલાં વિશે શિક્ષિત કરવા જોઈએ.વર્ષ ૨૦૧૮થી અત્યાર સુધીમાં કેરળમાં પાંચ વખત નિપાહ વાઈરસ ફાટી નીકળ્યો હતો. જેમાં અત્યાર સુધીમાં માત્ર ૬ ચેપગ્રસ્ત દર્દીઓ જ બચી શક્યા છેઃ ૨૦૧૮માં કોઝિકોડમાં એક, ૨૦૧૯માં કોચીમાં એક અને ૨૦૨૩માં કોઝિકોડમાં ચાર. ૨૦૧૮માં ૧૮ માંથી ૧૭ ચેપગ્રસ્ત લોકો મૃત્યુ પામ્યા હતા. ૨૦૨૧માં એક અને ૨૦૨૩માં બે મૃત્યુ થયા હતા. હવે ૨૦૨૪માં વધુ બે મૃત્યુ નોંધાયા છે. કેરળમાં નિપાહ વાઈરસ સંબંધિત મૃત્યુની કુલ સંખ્યા ૨૦૧૮થી વધીને ૨૨ થઈ ગઈ છે.

# આવતીકાલે થશે દિલ્હીના નવા CMની જાહેરાત, ધારાસભ્યોની બેઠકમાં નામ પર લાગશે મહોર



દિલ્હીના મુખ્યમંત્રી અરવિંદ કેજરીવાલે મુખ્યમંત્રી પદેથી રાજીનામું આપવાની જાહેરાત કરી દીધી છે. તેઓએ ગત રવિવારે ૪૮ કલાક બાદ મુખ્યમંત્રીની ખુરશી છોડવાની જાહેરાત કરી હતી. ત્યારથી જ દિલ્હીના રાજકારણમાં ઉથલપાથલ શરૂ થઈ ગઈ છે. આવતી કાલે સવારે ૧૧: ૩૦ વાગ્યે આમ આદમી પાર્ટીના ધારાસભ્ય દળની બેઠક થશે. આ બેઠકમાં નવા મુખ્યમંત્રીના નામ પર મહોર લાગશે.

સૂત્રો પાસેથી મળતી માહિતી મુજબ, અરવિંદ કેજરીવાલ રાજીનામાની સાથે જ ન્ ને ધારાસભ્ય દળના નેતાનું નામ અને સમર્થનની ચિઠ્ઠી પણ આપશે. જણાવી દઈએ કે, કેજરીવાલે જાહેરાત કરી હતી કે, બે દિવસમાં તેઓ દિલ્હીના મુખ્યમંત્રી પદ પરથી રાજીનામું આપીને કોર્ટમાં જશે. તેઓએ કહ્યું હતું કે, જ્યાં સુધી દિલ્હીની જનતા તેમની પ્રામાણિકતાને મત નહી આપે ત્યાં સુધી તે મુખ્યમંત્રીની ખુરશી પર નહી બેસે.આજે મુખ્યમંત્રી અરવિંદ કેજરીવાલના સરકારી આવાસ પર આજે પૉલિટિકલ અફેર્સ કમિટી (છઝ) ની બેઠક બોલાવવામાં આવી હતી. આ દરમિયાન દિલ્હીના નવા મુખ્યમંત્રીના નામ પર ચર્ચા થઈ શકે છે. બેઠક પહેલાં છઁછ ના સિનિયર નેતા મનીષ સિસોદિયા અને રાઘવ ચઢ્ઢા અરવિંદ કેજરીવાલના ઘરે પહોંચ્યા હતાં.

સોમવારે છઁછ ના મુખ્ય પ્રવક્તા સૌરભ ભારદ્વાજે પ્રેસ કોન્ફરન્સ કરી હતી. જેમાં નવા મુખ્યમંત્રીના નામ વિશે પ્રશ્ન કરવામાં આવ્યો ત્યારે તેઓએ કહ્યું, 'ભારતીય જનતા પાર્ટીને લઈને જબરદસ્ત નારાજગી છે. તે ચૂંટાયેલા મુખ્યમંત્રીની પાછળ પડી ગઈ છે અને પોતાની તમામ તાકાત લગાવી દીધી છે. તેમ છતાં (કેજરીવાલ) જેલથી બહાર નીકળ્યા તો તેમણે સત્તાનું સુખ ન ભોગવ્યું. તેઓએ કહ્યું કે, જ્યાં સુધી જનતા નહી કહે, હું આ ખુરશી પર નહી બેસું. કેજરીવાલને વડાપ્રધાનના ઈશારે ફસાવવામાં આવ્યા છે અને હવે તેમના ષડ્યંત્રનો પર્દાફાશ થઈ ગયો છે.

# ભૂમાફિયા કરોડો રૂપિયા ઓળવી ગયા, સ્વામિનારાયણ સંસ્થાના જમીન કૌભાંડની તપાસ CID ક્રાઇમ કરશે




છેલ્લાં એક વર્ષ દરમિયાન ખેડૂતોની કરોડો રૂપિયાની જમીન પચાવી પાડવાના ઈરાદે સ્વામીનારાયણ સંપ્રદાયના નામે મંદિર અને ગૌશાળા બનાવવાનું કહીને છેતરપિંડી કરાયાના અનેક ગુના આણંદ, નડિયાદ, સુરત, રાજકોટ સહિતના શહેરોમાં નોંધાયા હતા. જે બાબતને ગંભીરતાથી રાજ્યના ગૃહ વિભાગે આ તમામ કેસની તપાસ સીઆઈડી ક્રાઇમને સોંપવાનો મહત્ત્વનો નિર્ણય લીધો છે. આ ગેંગના સાગરિતો દ્વારા ચોક્કસ મોડ્સ ઓપરેન્ડી વાપરી કરોડો રૂપિયાની છેતરપિંડી આચરવામાં આવી હતી. જેના કારણે સ્વામીનારાયણ સંપ્રદાયના અનેક સંતો સામે સંડોવણીના આક્ષેપ થવાની સાથે સંડોવણી પણ બહાર આવી હતી. ગુજરાતના અમદાવાદ શહેર અને ગ્રામ્ય, આણંદ, નડિયાદ, સુરત અને રાજકોટ, સાબરકાંઠા, વઢવાણ સહિતના શહેરોમાં છેલ્લાં ઘણાં સમયથી ચોક્કસ ગેંગ સક્રિય થઈ છે. જે સ્વામીનારાયણ સંપ્રદાયના નામે મંદિર અને ગૌશાળા તેમજ અન્ય બિલ્ડિંગ બનાવવા માટે જમીન ખરીદવાની છે. તેમ કહીને ખેડૂતો પાસેથી ઊંચી કિંમતમાં જમીન ખરીદવાનું કહીને તે જમીન સ્વામીનારાયણ સંસ્થાના સાધુને વધારે ઊંચી કિંમતે વેચાણે અપાવવાની ખાતરી આપીને જમીનનો સોદો કરવાના નામે છેતરપિંડી આચરતા હતા. આ બાબતે રાજ્યમાં અનેક ગુના નોંધાયા હતા. જે બાબતને ધ્યાનમાં રાખીને રાજ્યના ગૃહ વિભાગે આ તમામ ગુનાની તપાસ સ્થાનિક પોલીસ પાસેથી લઈને સીઆઈડી ક્રાઇમને સોંપવાનો નિર્ણય કર્યો છે.છેતરપિંડી આચરતી ગેંગની મોડ્સ ઓપરેન્ડી જોઈને ઉચ્ચ પોલીસ અધિકારીઓ ચોંકી ઊઠ્યા હતા. જેમાં આ ગેંગના સાગરિતો એવા લોકોને ટાર્ગેટ કરતાં હતા કે જમીન લે-વેચનું કામ કરતા હોય. ત્યારબાદ તેમને ચોક્કસ ગામ કે વિસ્તારમાં કરોડો રૂપિયાની જમીન બતાવતા હતા અને કહેતા હતા કે સ્વામીનારાયણ સંસ્થાને ધાર્મિક સંસ્થા અને ગૌશાળા બનાવવા માટે આ જમીન ખરીદવાની છે. પરંતુ સાધુ ખડૂતો પાસેથી સીધી જમીન ખરીદી કરી શકતા નથી. જેથી જે તે વ્યક્તિને જમીન ખરીદી અને સંસ્થાને વેચવા વચ્ચે મોટો નફો મળશે તેમ કહીને લાલચ આપીને જમીનની ખરીદી કરાવતા હતા. ત્યારબાદ વેચાણ કરાર કરાવીને કોઈ સ્વામીનારાયણ સંસ્થાના સાધુને જમીન બતાવવા માટે પણ લાવતા હતા. જેથી જમીન ખરીદનારને વિશ્વાસ બેસતો હતો અને ખેડૂતને બાનાખત માટે કરોડો રૂપિયા અપાવતા હતા. તે પછી આ ગેંગ ખેડૂત જમીન વેચાણની ના પાડે છે. તેમ કહીને ખેડૂત અને સ્વામીનારાયણના સંપ્રદાય સાધુ સાથે મળીને કરોડોની છેતરપિંડી આચરતી હતી. જેમાં અનેક લોકોને ટાર્ગેટ કરાયા હતા અને ખુદ સ્વામીનારાયણ સંપ્રદાયના જ સંત્સંગીઓએ જ તેમના સંપ્રદાયના લોકોને શિકાર બનાવ્યા હતા. આમ આ પ્રકારની મોડ્સ ઓપરેન્ડીથી ગુનાઓનું પ્રમાણ વધતાં હવે તમામ કેસની તપાસ સીઆઈડી ક્રાઇમને સોંપવામાં આવી છે.

# મેડિકલ કમિશને જાહેર કરી નવી ગાઇડલાઇન, હવે રાજ્ય બહારના પરીક્ષકો વાયવા લેશે



નેશનલ મેડિકલ કમિશન દ્વારા પીજી મેડિકલમાં ક્લિનિકલ સબ્જેક્ટના રિસર્ચ-થીસીસની ગુણવત્તા સુધારવા માટે આ વર્ષે રિસર્ચ-થીસીસ સબમિશન મુદ્દે નવી ગાઈડલાઈન જાહેર કરવામાં આવી છે. હવે ક્લિનિકલ-પ્રેક્ટિકલમાં પણ વાયવા પરીક્ષા લેવાશે. રિસર્ચ થીસીસ-વાયવાના કુલ ૨૦ માર્ક્સ હશે, જે પરીક્ષાના કુલ માર્કસના પાંચ ટકા રહેશે. એટલું જ નહીં, વાયવા હવેથી રાજ્ય બહારના પરીક્ષકો લેશે.

જો કે કમિશન દ્વારા થીસીસ સબમિટ ન થયો હોય તો પણ વિદ્યાર્થીને પરીક્ષા આપવા દેવાની છૂટ અપાઈ છે. એટલે કે યુનિવર્સિટી દ્વારા વિદ્યાર્થીને પરીક્ષામાંથી બાકાત નહીં રાખી શકાય, પરંતુ વિદ્યાર્થીએ પાછળથી રિસર્ચ થીસીસ સબમિટ કરવો પડશે.

નેશનલ મેડિકલ કમિશનના પોસ્ટ ગ્રેજ્યુએશન મેડિકલ એજ્યુકેશન બોર્ડ દ્વારા તાજેતરમાં પીજી મેડિકલના અભ્યાસક્રમમાં રિસર્ચ થીસીસ-ડેઝર્ટેશન માટેની નવી ગાઈડલાઈન જાહેર કરવામાં આવી છે, જે ૨૦૨૧માં પ્રવેશ લેનારા વિદ્યાર્થીઓને પણ લાગુ પડશે. ૨૦૨૧ની બેચના વિદ્યાર્થીઓની હવે ફાઈનલ પરીક્ષા હોવાથી આ બેચના વિદ્યાર્થીઓ દ્વારા કમિશનને નવી ગાઈડલાઈન મુદ્દે સ્પષ્ટતા કરવા પણ રજૂઆત કરાઈ હતી. જેને લઈને કમિશન દ્વારા સ્પષ્ટતા કરવામાં આવી છે કે ક્લિનિકલ-પ્રેક્ટિકલ અને વાયવાના કુલ ૨૦ માર્કસ ગણાશે અને જે પરીક્ષાના કુલ માર્કસના પાંચ ટકા હશે. અગાઉ નોન ક્લિનિકલ સબ્જેક્ટમાં રિસર્ચ-થીસીસ ફરજિયાત હતા પરંતુ હવે તે ક્લિનિકલ સબ્જેક્ટમાં લાગુ કરાયો છે.

## તંત્રી લેખ.....

# હેલ્થ અને લાઈફ ઈન્સ્યોરન્સ પર જીએસટી મુદ્દે નવેમ્બરમાં લેવાશે નિર્ણય

જીએસટી કાઉન્સિલે વિવિધ હેલ્થ અને લાઈફ ઈન્સ્યોરન્સના પ્રીમિયમ પર જીએસટી દર અંગે નિર્ણય લેવા અને ૩૦ ઓક્ટોબર સુધી રિપોર્ટ રજૂ કરવા માટે ૧૩ મંત્રીસમૂહની (જીઓએમ)ની રચના કરી છે. જેમાં બિહારના નાયબ મુખ્યમંત્રી સમ્રાટ ચૌધરી મંત્રી સમૂહના સંયોજક છે. આ સમૂહના સભ્યોમાં ઉત્તર પ્રદેશ, રાજસ્થાન, પશ્ચિમ બંગાળ, કર્ણાટક, કેરળ, આંધ્ર પ્રદેશ, ગોવા, ગુજરાત, મેઘાલય, પંજાબ, તમિલનાડુ અને તેલંગાણાના સભ્ય સામેલ છે.નવ સપ્ટેમ્બરના રોજ યોજાયેલી જીએસટી કાઉન્સિલની ૫૪મી બેઠકમાં લાઈફ અને હેલ્થ ઈન્સ્યોરન્સ પર જીએસટીના વર્તમાન ઢાંચામાં ફેરફાર કરવા તપાસ અને સમીક્ષા માટે એક મંત્રી સમૂહની રચના કરવા નિર્ણય લીધો હતો. ઈન્સ્યોરન્સ પ્રીમિયમ પર ટેક્સ મુદ્દે અંતિમ નિર્ણય નવેમ્બરમાં યોજનારી જીએસટી કાઉન્સિલની બેઠકમાં આ જીઓએમ દ્વારા રજૂ કરવામાં આવેલા રિપોર્ટના આધારે લેવામાં આવશે.

## ઉમાકાંત - ક્રમશ :

મોર કુનુમનાલી...!! સો માય ફૂટ ન?ત્યનાટિકા ..!' ચાય ની ચૂસકી લગાવતાં બોલી.

ઉમાકાંતે ભજવ્યો ભાગ ક્રિશ્રા નો અને શિવાંગી બનેલી રાધા. સુહાગ જલી ઉઠેલી પણ કંઈ કરી શકી નહોતી... હા ત્યાર પછી સુહાગ ને શિવાંગી જરા પણ નહોતી ગમતી. સ્ટેજ સુંદર સજાવેલું

ને સૌ પ્રેક્ષકગણે ખુબ માણેલી નાટ્યકારોની કલા. સુહાગે મનમાં ગાંઠ વાળી લીધી કોઈ પણ રીતે ઉમાકાંત ને શિવાંગીથી દૂર રાખવી. કેશ સાથે મોહિની પણ ભળી ગઈ સુહાગ સાથે ને

ત્રણે ભેગા થઈ પ્લાન રચવા માંડ્યા. આ તરફ શિવાંગી ના મધર-ફાધર નો વિમાન કેશ માં અકસ્માત થયો ને આકસ્મિત મ?ત્યુ ની ખબર શહેરના જાણીતા અખબારોમાં છપાઈ. સ્તબ્ધ ,

સૂનમૂન,એકાંત ઓરડામાં દિવાલો એને ખાવા દોડતી... ભાઈભાભી આવી ગયા પાસે તો પણ શિવાંગી ભૂલી નથી શકતી કંઈજ . અચાનક કિચન તરફ ધસી જાય છે :' આવી મમ્મી !'
જઈ ને સૂના કિચનમાં મમ્મી તો નથીપ.પાછી રડે છે. ક્યારેક શાલ લઈને પપ્પાની ખુરશી પર પાથરવા ચાલી જાય છે. સમય અટક્યો નથી પણ સભાનતા ભૂલાઈ રહી છે.

શિવાંગી યાદ રાખવા મથે છે. સુહાગ દિલગીરી બતાવવાનો ડોળ કરે છે. મોહિની ને કેશ પણ આવી ને સાંત્વન આપી જાય છે નામનું જ. સુહાગ હજુ પણ ગુસ્સામાં જ છે પણ બહાર બતાવતી નથી.

મન ફ્રેશ કરવા ઉમાકાંત શિવાંગી ને લઈને બહાર નીકળવાનું જણાવે છે: 'બીજે કયાંય નહીં પણ ચાલ શિવના મંદિરે જઈએ ત્યાં નાનકડી નદી પણ છે. દર્શન કરી ને કિનારે થોડો આંટો મારીને પાછા આવીએ, ચલ ને પ્લીઝ. ફોર મી....વીથ મી ? '

મંદિરે નામની પવિત્ર જગ્યામાં એકાંતમાં પોક મૂકીને શિવાંગી રડતી જ રહી. ઘણાંય એના સપનાં જાણે અચાનક ઉદાસ મનની મરુભૂમિમાં જીવીત રહેશે કે નહી...મા વિના નો ને પપ્પા વિના કેમ

જીરવાશે સંસાર ? કેમ જીવાશે જીવન ! નદી પાસેની રેતીમાં વાંકી વળી બેચાર ડગલાં આગળ ચાલી. ભૂંસાયા વગરના પગલાં વણાંકે પૂરાં થતાં જોયા. ભ્રમ છે કે સાચું ? ઉમાકાંત નીચે રેતીમાં

મહલ ચણી રહ્યો હતો. ને નદીમાંથી બચાવો બચાવો ની ચીસ સંભળાઈ.

' ઉમાકાંત, નદીમાં કોઈ તણાઈ રહ્યું છે !! જુઓ જુઓ ' ત્યાં તો વહેણ ગોળ ગોળ ફરી અંદર ખેંચતું દેખાયું..!! એક ભેખડ જેવું હાથમાં આવતાં વળગી ને બેઠેલ ફરી ચીસો પાડતું હતું બરાબર

તાકી ને જોયું તો બીજું કોઈ નહીં તે સુહાગ જ હતી. ઉમાકાંતે એક પળની પણ રાહ જોયા વિના ઝંપલાવ્યું ને ખેંચી લાવ્યો કિનારે. સુહાગને બચાવી શિવાંગી ને મનાવી પોતે આખરે પાછો ફર્યો.
મનમાં બે સ્ત્રીઓ વચ્ચે નહોતી કરવી છંતાય સરખામણી થતી રહી. એક તરફ ઈમોશનલ યેડુ (પગલી) સુહાગ ને બીજી તરફ ઠરેલી પણ અત્યારે ભાંગી પડેલી શિવાંગી હતી. આ બાજુ ઉમાકાંત એની પાસે આવા માંગતો હતો એની ખબર હતી.

કેહવાયું છે કે દિવાલો ને પણ કાન હોય છે તો સુહાગ નો પોતાના તરફનો અણગમો અને ઉમાકાંત તરફનો પ્રેમ એનાથી છૂપો કેમ રહે ?

' આજે મારે શોપિંગમાં જવાનું છે ઉમાકાંત ફરી ક્યારેક મળીયે ' શિવાંગીએ ટૂંકમાં પતાવી ને ફોન કટ કર્યો. ઉમાકાંત વિચારમાં પડ્યો.

## શાકાહારનાં ફાયદા

કોલોન કેન્સર ખૂબ જ ગંભીર રોગ છે. મોટા ભાગે આ કેન્સર માંસ ખાવાના કારણે થાય છે. જીવનભર શાકાહારીઓ ક્યારેય આવી બીમારીથી પીડાતા નથી. ઘણા માંસ ખાનારા માને છે કે માંસ એ પ્રોટીનનો એકમાત્ર સ્ત્રોત છે. જો કે, તેનો થોડો ભાગ માનવો દ્વારા ક્યારેય ઉપયોગ કરી શકાતો નથી કારણ કે તે અપૂર્ણ છે અને તેમાં એમિનો એસિડના યોગ્ય સંયોજનનો અભાવ છે, જે પ્રોટીનના બિલ્ડીંગ બ્લોક્સ છે. અભ્યાસો દર્શાવે છે કે માંસ ખાનાર વ્યક્તિને જરૂરી પ્રોટીનની માત્રા પાંચ ગણી મળે છે. તે એક સામાન્ય તબીબી હકીકત છે કે વધારાનું પ્રોટીન ખતરનાક છે, જેનો મુખ્ય ભય એ છે કે યુરિક એસિડ (પ્રોટીનને પચાવવાની પ્રક્રિયામાં ઉત્પન્ન થતો કચરો) કિડની પર ખરાબ અસર કરે છે, તે નેફ્રોન્સ નામના કિડની કોષોને તોડી નાખે છે. આ સ્થિતિ નેફ્રીટીસ કહેવાય છે; તેનું મુખ્ય કારણ કિડની પર વધુ પડતો બોજ છે. પ્રોટીન મેળવવાનું શાકાહારી પૂરક એક ચમચી ટોફુ અથવા સોયાબીન છે જેમાં સરેરાશ પીરસાતા માંસ કરતાં વધુ ઉપયોગી પ્રોટીન જોવા મળે છે!
કેટલાક શાકાહારીઓ દાવો કરે છે કે તેઓ ખાધા પછી વધુ સંતુષ્ટ થાય છે. આનું કારણ એ છે કે જ્યારે વનસ્પતિ પ્રોટીનનું પાચન થાય છે ત્યારે ઓછા કેટોન્સ (પ્રોટીન-પાચક પદાર્થો) બને છે. શાકાહારી ખાનારાઓ કરતાં માંસ ખાનારાઓ વિવિધ પ્રકારના ફૂડ પોઇઝનિંગથી વધુ વારંવાર પીડાય છે. દરેક માંસાહારી વ્યક્તિને ઓછામાં ઓછા એકવાર ફૂડ પોઇઝનિંગ થયું હોય છે.
વાઘ અથવા સિંહ જેઓ માંસ ખાય છે તેઓ એસિડ આધારિત પાચન પ્રણાલી ધરાવે છે. માણસનું હાઈડ્રોક્લોરિક એસિડ માંસને સંપૂર્ણ રીતે પચાવવા માટે એટલું મજબૂત નથી. ઉપરાંત, તેમના આંતરડા લગભગ પાંચ ફૂટ લાંબા હોય છે, જ્યારે માનવનાં આંતરડા વાંકા અને વળેલા , નાના વિસ્તારમાં કોમ્પેક્ટેડ હોય છે, જે વીસ ફૂટ લાંબા હોય છે.
ફળો અને શાકભાજીમાં પોષક તત્વો વધુ હોય છે; શરીરને લાંબા રોગ અને પીડા મુક્ત જીવન જીવવા માટે ખૂબ જ જરૂરી છે. ફળો અને શાકભાજીમાં રહેલા ઉત્સેચકો શરીરને પૂરતા પોષક તત્વો પૂરા પાડે છે જે હંમેશા મનની સ્વસ્થ સ્થિતિ જાળવી રાખે છે.
''શાકાહાર શ્રેષ્ઠ આહાર''
''માંસાહાર સર્વનાશાહાર''



રાયખડ ભાટિયા પોળ ખાતે ગણેશ મહોત્સવ નિમિતે ગણપતિ ને ૧૦૦૮ લાડુ નો ભોગ ધરાવાયો આ પ્રસંગે બારશાખ રાજપૂત સમાજ ના આગેવાન તેમજ લોકો મોટી સંખ્યા મા હાજર રહ્યા હતા

# ભાદરવી પૂનમના મહામેળામાં અંબાજીમાં ઉમટી રહ્યા છે લાખો માઇભક્તો

અંબાજી ભાદરવી પૂનમના મહામેળામાં લાખો માઈભક્તો પદયાત્રા કરીને માં અંબા ના ધામ અંબાજી પહોંચી રહ્યા છે. તા. ૧૨ સપ્ટેમ્બરથી પ્રારંભ થયેલા આ પવિત્ર મહાપર્વનું આગામી તા. ૧૮ સપ્ટેમ્બર પૂનમના દિવસે સમાપન થશે. ઉલ્લેખનીય છે કે માત્ર ગુજરાતમાં જ નહીં પરંતુ સમગ્ર પશ્ચિમ ભારતમાં ભરાતા મોટા મેળાઓમાં સ્થાન ધરાવતા આ ભાદરવી પૂનમના મહામેળામાં લાખો માઈભક્તો દુર દુરથી માં ની ભક્તિ સાથે ચાલતા આવે છે. આ વરસે પણ લાખો શ્રધ્ધાળુઓ દુર દુરથી અંબાજી આવી રહ્યા છે. બારસથી



યાત્રિકોની સંખ્યામાં નોંધપાત્ર વધારો જોવા મળી રહ્યો છે. અંબાજી ભાદરવા મહામેળાની હવે શાનદાર જમાવટ થઇ રહી છે. રસ્તાઓ ઉપર યાત્રીકોની સંખ્યામાં સારો વધારો જોવા મળે છે.

બનાસકાંઠા કલેકટર અને શ્રી આરાસુરી અંબાજી માતા દેવસ્થાન ટ્રસ્ટના ચેરમેનશ્રી મિહિર પટેલની સુચના અને માર્ગદર્શન હેઠળ મેળામાં આવતા પદયાત્રિકોને સરળતાથી જરૂરી તમામ સુવિધાઓ ઉપલબ્ધ કરાવાઈ રહી છે. અંબાજી તરફના તમામ રસ્તાઓ ઉપર અને અંબાજીમાં ચોમેર સરસ સ્વચ્છતા, પીવાના પાણીની વ્યવસ્થા અને મેળામાં દોડતી એસ. ટી. બસોની સુવિધાઓ જોઈને યાત્રિકો આનંદ વ્યક્ત કરી રહ્યાં છે.

અંબાજી દર્શને આવતા બાયડના પદયાત્રી નયનાબેન પંચાલે સરકારશ્રીનો આભાર વ્યક્ત કરતા જણાવ્યું હતું કે અમને રસ્તામાં ક્યાંય કોઈ તકલીફ પડી નથી. પીવાના પાણીની, નાહવાની, રહેવાની, દર્શનની ખૂબ જ સરસ વ્યવસ્થા કરવામાં આવી છે. આવા જ એક બીજા દર્શનાર્થી નરેશભાઈએ ખુશી વ્યક્ત કરતા જણાવ્યું કે ગુજરાત સરકાર દ્વારા કરવામાં આવેલ પાર્કિંગ, બસની સુવિધા, શૌચાલયની સુવિધા ખૂબ જ સુંદર રીતે કરવામાં આવી છે.

# બોટાદ જિલ્લામાં ખનીજચોરો ઉપર ખાણ ખનીજ વિભાગનો સપાટો.૫૦ લાખનો મુદ્દામાલ કબજે કરાયો



ભાવેશ પરમાર (બોટાદ)

બોટાદ તાલુકાનાં લાઠીદડ ગામનાં સજેલી વજેલી રોડ પર આવેલ સરકારી પડતર જમીનમાં મોરમ ખનીજની ચોરી બાબતની ફરિયાદ આવતા મદદનીશ ભૂસ્તરશાસ્ત્રી ની તપાસ ટીમ દ્વારા તપાસ કરતા એકઞ જેસીબી મશીન દ્વારા ખોદકામ કરી ટ્રક મારફતે ગેર કાયદેસર વહન કરતા હોવાનું ધ્યાને આવતા ૫૦ લાખનો મુદ્દામાલને જપ્ત કરી તાલુકા પોલીસ સ્ટેશન ખાતે અટકમાં રાખવાની તજવીજ હાથ ધરતા ટ્રક નંબર ય્ત-૦૫ ર્મ્ ૪૧૭૩ ના ચાલક ફરજમાં રૂકાવટ કરી ટ્રક ભગાડી જતાં તાલુકા પોલીસ સ્ટેશન ખાતે ફરિયાદ દાખલ કરવામા આવેલ જ્યારે જેસીબીને જપ્ત કરી આગળની કાયદેસરની કાર્યવાહી હાથ ધરવામાં આવી છે.

# બોટાદમાં વિરાટ હિન્દુ સંમેલન અને ત્રિશૂલ દિક્ષા ઉત્સવ યોજાયો



ભાવેશ પરમાર (બોટાદ)

વિશ્વ હિન્દુ પરિષદની સ્થાપનાનાં ૬૦ વર્ષ પૂર્ણ થતા ષષ્ટીપૂર્તિ વર્ષ મહોત્સવ અનુસંધાને શ્રી સ્વામિનારાયણ ગુરુકુળ, બોટાદ ખાતે વિરાટ હિન્દુ સંમેલનનું આયોજન કરવામાં આવ્યું હતું. બોટાદ જિલ્લાનાં સાધુ સંતો અને પ્રાંત અધિકારી દ્વારા દીપપ્રાગટ્ય બાદ સંમેલનના મુખ્ય વક્તા ધર્મેન્દ્રભાઈ ભાવાણીનું બૌદ્ધિક પ્રવચન રહ્યું હતું. આ ઉપરાંત કાર્યક્રમની સાથે બજરંગ દળ અને દુર્ગાવાહિની બોટાદ દ્વારા શહેરનાં રાજમાર્ગ ઉપર પથ સંચલનનું ભવ્ય આયોજન કરવામાં આવેલ હતું.આ ત્રિશૂલ દીક્ષામાં ૫૦૦ કરતા વધારે ત્રિશૂલ દીક્ષાર્થીએ ભાગ લીધો હતો. ત્રિશૂળ દિક્ષાર્થીઓએ રાષ્ટ્ર,ગૌમાતા અને હિન્દુ ધર્મની રક્ષા કરવાની શપથ લીધી હતી. કાર્યક્રમમાં હિન્દુ સમાજના અઢારે વર્ણનાં આગેવાનો,વેપારી મંડળ તથા મોટી સંખ્યામાં હિંદુ ભાઈઓ બહેનો હાજર રહ્યા હતા.સૌરાષ્ટ્ર પ્રાંત અધિકારી રસિકભાઈ, લાખાભાઈ આહિર, વિપુલભાઈ અગ્રાવત, મહેશભાઈ કણઝરિયા તથા બોટાદ જિલ્લાની ટીમમાંથી ઉપાધ્યક્ષ ભુપતભાઈ ચૌહાણ, કુશલભાઈ દવે, ઉપાધ્યક્ષ કલ્પેશભાઈ પરમાર સહમંત્રી સેવા પ્રમુખ ધર્મેશભાઈ સોલંકી, બોટાદ પ્રખંડ અધ્યક્ષ મોન્ટુભાઈ માળી બજરંગદળ પ્રખંડ સંયોજક મનસુખ ભાઈ જાદવ,બોટાદ જિલ્લા તથા પ્રખંડના કાર્યકર્તાબંધુ,માતૃશક્તિ - દુર્ગાવાહિની મોટી સંખ્યામાં હાજર રહ્યા હતા.

# આગામી ૨૫ વર્ષમાં આપણા દેશને વિકસિત બનાવવાનો આ ગોલ્ડન સમયગાળો છેઃ નરેન્દ્ર મોદી

વડાપ્રધાન નરેન્દ્ર મોદીમાં ત્રણ દિવસના ગુજરાતના પ્રવાસે છે, ત્યારે તબક્કાવાર એક પછી લોકાર્પણના કાર્યક્રમ પૂર્ણ કર્યા બાદ હવે ય્સ્ઙ્ઘઝ ગ્રાઉન્ડ ખાતે સન્માન સમારોહમાં પહોંચ્યા હતા. જીએમડીસીમાં ખુલ્લી જીપમાં બેસીને વડાપ્રધાને લોકોનું અભિવાદન ઝીલ્યું હતું અને સ્ટેજ સુધી પહોંચ્યા હતા. આ દરમિયાન તેમની સાથે ગુજરાતના મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલ અને સીઆર પાટીલ પણ સાથે હતા. આ દરમિયાન લોકોનું માનવ મહેરામણ ઉમટી પડ્યો હતો. જીએમડીસી ખાતે વડાપ્રધાન નરેન્દ્ર મોદીનું ભવ્ય સન્માન યોજવામાં આવ્યું હતું.

પીએમ મોદીએ અમદાવાદના જીએમડીસી ખાતેથી બટન દબાવીને ગુજરાતને ૮,૦૦૦ કરોડના વિકાસકાર્યોની ભેટ આપી હતી. સિંગલ વિંડો આઈએફસીએ સિસ્ટમ લોન્ચ કરી હતી. ત્યારબાદ વડાપ્રધાને પ્રધાનમંત્રી આવાસ યોજના લાભાર્થીઓને આવાસ યોજનાના મકાનોની ચાવી આપી હતી. દેશની પ્રથમ નમો ભારત રેપિડ રેલનું વર્ચુઅલ ઉદઘાટન કર્યું હતું. બીજી તરફ રેલવેએ વંદે મેટ્રોનું નામ બદલીને નમો ભારત રેપિડ રેલ કરી દીધું છે. દેશની આ પહેલી નમો ભારત રેપિડ રેલ ભુજથી અમદાવાદની વચ્ચે દોડશે. આ ટ્રેન પાંચ કલાક અને ૪૫ મિનિટમાં અમદાવાદ અને ભુજ વચ્ચેનું અંતર કાપશે, જેની વચ્ચે નવ સ્ટેશન પર આ ટ્રેન રોકાશે.

વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ સંબોધનની શરૂઆત કરતાં કહ્યું હતું કે ઉત્સવના આ સમયમાં ભારતના વિકાસનો ઉત્સવ પણ નિરંતર ચાલુ રહેશે. અત્યારે અહીંથી લગભગ ૮,૫૦૦ કરોડ રૂપિયાના પ્રોજેક્ટ્સનું લોકાર્પણ અને શિલાન્યાસ થયો છે. તેમાં રેલવે, રોડ અને મેટ્રો જેવા અનેક પ્રોજેક્ટ્સ સામેલ છે.

વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ કહ્યું હતું કે આજથી અમદાવાદ ભુજ વચ્ચે નમો ભારત રેપિડ રેડ શરૂ થઇ ગઇ છે, આ ટ્રેનથી મિડલ ક્લાસ લોકોને ફાયદો થશે. આગામી સમયમાં અનેક શહેરોને નમો ભારત રેપિડ રેલની કનેક્ટિવિટી મળશે. દેશમાં ૧૫થી વધુ રૂટ પર નવી નમો ભારત રેપિડ રેલ દોડાવવામાં આવશે, જ્યારે ૧૨૫થી વધુ ભારત ટ્રેન લોકોને સેવા આપી રહી છે. આગામી ૨૫ વર્ષમાં આપણા દેશને વિકસિત બનાવવાનો આ ગોલ્ડન સમયગાળો છે. જેમાં ગુજરાતની સૌથી મોટી ભૂમિકા છે. ગુજરાત ભારતનું પ્રથમ એરક્રાફ્ટ આપશે. આજે ગુજરાતમાં એક-એકથી ચઢિયાતી યુનિવર્સિટીઓ છે, આ ઉપરાંત વિદેશી યુનિવર્સિટીઓ પણ ગુજરાતમાં કેમ્પસ શરૂ કરી રહી છે.

વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ વિકાસના કાર્યો માટે દેશવાસીઓ અને ગુજરાતીઓને શુભેચ્છા પાઠવી છે. ઈતિહાસમાં પહેલીવાર ગુજરાતમાં પહેલી અતિવૃષ્ટિ જેવી સ્થિતિ સર્જાઇ છે. જેમાં આપણે ઘણાં સ્વજનોને ગુમાવ્યા છે. ત્રીજીવાર પ્રધાનમંત્રીના રૂપમાં શપથ લીધા બાદ પહેલીવાર ગુજરાત આવ્યો છે, ગુજરાત મારી જન્મભૂમિ છે. ગુજરાતે મને જીવનની દરેક શીખ આપી છે. તમે લોકોએ હંમેશા મારી ઉપર તમારો પ્રેમ વરસાવ્યો છે. પુત્ર જ્યારે પોતાના ઘરે આવીને સ્વજનોના આશીર્વાદ લે છે ત્યારે તેને નવી ઉર્જા મળે છે. તેનો ઉત્સાહ અને જોશ વધી જાય છે. આટલી મોટી સંખ્યામાં તમે આશીર્વાદ આપવા માટે આવ્યા તે મારું સૌભાગ્ય છે.

મને વારંવાર અલગ-અલગ કોર્નરથી મેસેજ આવતા હતા કે ત્રીજીવાર શપથ લીધા પછી હું જલદી જ તમારી વચ્ચે આવું. તમારો નરેન્દ્ર ભાઇ પર હક છે. મેં લોકસભાની ચૂંટણીમાં તમને અને દેશવાસીઓને ગેરન્ટી આપી હતી. પ્રથમ ૧૦૦ દિવસમાં અભૂતપૂર્વ નિર્ણયો લેવામાં આવશે. ગત ૧૦૦ દિવસમાં મેં દિવસ-રાત જોયું નથી, ૧૦૦ દિવસના એજન્ટાને પુરો કરવા માટે સંપૂર્ણ તાકાત લગાવી દીધી. દેશ હોય કે વિદેશ, જ્યાં પણ જે પ્રયત્નો કરવાના હતા તે કર્યા, કોઇ કસર છોડી નથી.

આ પણ વાંચો : ઈદ-એ-મિલાદના જુલુસના લીધે અમદાવાદ આ રસ્તાઓ રહેશે બંધ, જાણી લો વૈકલ્પિક રૂટ

રાષ્ટ્ર પ્રથમનો સંકલ્પ અપાવીને તમે લોકોએ જ મને દિલ્હી મોકલ્યો છે. મેં લોકસભાની ચૂંટણી દરમિયાન તમને અને દેશવાસીઓને એક ગેરન્ટી આપી હતી. મેં કહ્યું હતું કે ત્રીજી ટર્મના પ્રથમ ૧૦૦ દિવસ દેશ માટે અભૂતપૂર્વ નિર્ણય લેવામાં આવશે. ગત ૧૦૦ દિવસમાં મોદીની મજાક ઉડાવવા લાગ્યા. ભાત-ભાતના તર્ક-વિતર્ક બતાવતા હતા. લોકો વિચાર હતા મોદી કેમ ચૂપ છે? દરેક મજાકને સહન કરતાં એક પ્રણ લઇને મેં ૧૦૦ દિવસ તમારા માટે દેશ હિતની નિતિ બનાવવા કામ કર્યું. જેમને જે મજાક ઉડાવવી હોય તેને ઉડાવવા દો. મેં નક્કી કર્યું હતું કે હું એકપણ જવાબ નહી આપું. મારે દેશના જે કલ્યાણના માર્ગ પર ચાલવાનું છે તેને છોડીશ નહી. ચૂંટણી દરમિયાન મેં ૩ હજાર કરોડ બનાવવાની ગેરેન્ટી આપી હતી. ગુજરાતના હજારો પરિવારોને ઘર મળ્યા છે, ઝારખંડમાં પણ હજાર પરિવારને ઘર આપ્યા હતા. શહેરી મિડલ ક્લાસના ઘર માટે આર્થિક મદદ પુરી પાડવાની હોય. ફેક્ટરીઓમાં કામ કરનારાઓ માટે વિશેષ આવાસ યોજના બનાવવા માટે સરકાર તેના પર હજારો કરોડ રૂપિયા ખર્ચ કરી રહી છે.

આ ટ્રેનનું સંચાલન અઠવાડિયામાં ૬ દિવસ થશે. દર અઠવાડિયે રવિવારે ભુજથી તેની સેવા નહીં મળે, તેમજ અમદાવાદથી તેની સેવા શનિવારે નહી મળે. રસ્તામાં તે અંજાર, ગાંધીધામ, ભચાઉ, સમખિયાલી, હળવદ, ધાંગધ્રા, વિરમગામ, ચાંદલોડિયા અને સાબરમતીમાં રોકાશે. આ ટ્રેન ભુજથી સવારે ૦૫:૦૫ વાગ્યે રવાના થશે અને સવારે ૧૦:૫૦ વાગ્યે અમદાવાદ પહોંચશે. વાપસીમાં આ ટ્રેન અમદાવાદથી સાંજ ૦૫:૩૦ વાગ્યે ખુલશે અને રાત્રે ૧૧:૧૦ વાગ્યે ભુજ પહોંચશે.

વંદે મેટ્રો ટ્રેન પોતાની આ યાત્રામાં ૯ સ્ટેશનોએ રોકાશે. આ ટ્રેનનું રોકાણ દરેક સ્ટેશન પર આશરે ૨ મિનિટ સુધી રહેશે




# ન્યૂઝ ઓફ ગાંધીનગર દૈનિક સાહિત્ય સરિતા- આયોજક : પ્રદીપ રાવલ




**NOG SS NO 340**
વિષયઃ- શૈશવ ના સસ્મરણો
રચનાઃ- પદ્ય
શિર્ષકઃ- બાળપણ નું ભોળપણ
કાલી ઘેલી વાતોમાં વીત્યું બાળપણ મજાનું,
ભોળપણના સસ્મરણોનુ નાનપણ બહુ મજાનું..!
રખડપટ્ટી ને ધીંગા મસ્તી માં વીત્યું બાળપણ મજાનું,
એક બીજાને ખો ખો દેવામાં દાવ આપતું બહુ મજાનું..!
ચકરડી ને ભમ્મરડાની ચકરાવે વીત્યું બાળપણ મજાનું,
લખોટી ને પાચીકામા ગોળ ગોળ ફરિયું બહુ મજાનું..!
ધુળના ઢેફામાં કુદતું ઠેકતું પછડાતું બાળપણ મજાનું,
મંદિરમાં ઝાલર ટાણે વાદ્ય માટે લડતું બહુ મજાનુઁ..!
દાદા દાદી ના સાથે એનો ટેકો બનતું બાળપણ મજાનું,
રોતું આખડતું પાછું ખંખેરી ઉભું થતું બહુ મજાનું..!
એકમેંકની ભાઈબંધીમાં લડતું ઝઘડતું બાળપણ મજાનું,
નાની નાની વાતોમાં રિહાઈ જતું, દસિયામાં માની જતું બહુ મજાનું..!
મદારીના ખેલ જોવા છાનું માનું ઘરેથી ઘવું લેતું બાળપણ બહુ મજાનું,
એના સાપ ને દુધ પીવડાવા ઘરનું બોઘેણું ખાલી કરતું "સ્વયમભુ" બાળપણ બહુ મજાનું..!

અશ્વિન રાઠોડ (સ્વયમભુ) મોરબી

★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★

**NOGSS NO: 345**
વિષય : શૈશવના સંસ્મરણો
પ્રકાર : ગદ્ય શબ્દો :૩૩૭
શીર્ષક : બાળપણની યાદમાંથી

શૈશવના સ્મરણો તો ઘીની નાળ્યું જેવા હોય છે. એ યાદો તો અપાર હોય છે એ બાળપણની યાદમાંથી હાલ જ ઉજવેલી ભાદરવા મહિનાની અગિયારસ એટલે કે જળ જીલણી અગિયારસ તો મને યાદ આવી ગઈ એ સમયની મારા ગામની ઉજવાતી અગિયારસ.

વર્ષોથી મારા નાનકડા ગામમાં જળ જીલણી અગિયારસ ઉજવવાનો રિવાજ. સાંજના પાંચેક વાગ્યાની આસપાસ સૌ ગામના ચોરે રામજી મંદિર એકઠા થઈ ચોરાના પૂજારી ઘનશ્યામ કાકા ઠાકર મહારાજને અમારી નીલકા નદીમાં નવડાવા આતુર હોય. ગામના સૌ નાના મોટા ખૂબ જ આનંદમાં હોય. સૌ વાજતે ગાજતે ઠાકર મહારાજને નદીએ ન્હાવા લઈ જાય ત્યારે તબલા વાદક અમારા જાદવભાઈ અને મનજીભાઈ દોકડ (તબલા ) એક સફેદ ફાળીયામાં બાંધી એમની કમર ફરતે બાંધ્યા હોય અને શું મસ્ત ત્રમઝટ બોલતી. કેટલો મધુર અવાજ! ક્લબલીયા (મંજીરા) (અમે સૌ ક્લબલીયા બોલતા.) અમારે ત્રિકમ દાદા વગાડતા હોય અને ધીરુભાઈ પણ.

ગરબી ગાતા ગાતા સૌ ચાલતા હોય. ત્યારે
ધીરુભાઈ એક ગરબી ગવડાવતા.
"મોરલી રે જળ જમનાને તીરે, વગાડી બળભદ્રજીએ રે હાલો જોવાને જાવી.

અહાહા! શું મીઠડો અવાજ અને શું મીઠડાં દોકડ! વર્ણન કરવું પણ અઘરું છે. પછી તો સૌ નીલકા નદીએ પહોંચતા. ઠાકર મહારાજને લઈને ઘનશ્યામ કાકા નદીના ઊંડા પાણીમાં ડૂબકી મારતા, અમે સૌ હેરતથી જોઈ રહેતા. ઠાકર મહારાજને નવડાવી વાજતે ગાજતે ગામમાં આવતા ત્યારે ભગવાનનું સ્વાગત કરી ગામ લોકો ઘરે વાળતા. એટલે કે સોળે શ્રાદ્ધ ઠાકર મહારાજને ગામજનો પોતાના ઘરે પધરાવતા.

સૌ નિશાળિયાંને રોજેરોજ ખીર- રોટલી જમાડતા સાથે ગામ લોકોને પણ જમાડતા. વાહ એ એકતા, આનંદ, લાગણી, આજ યાદ આવે છે તો આંખ ભીંજાય જાય છે. પિતાજી ગામની નિશાળમાં જ માસ્તર હું પણ ભણતી. સૌની વ્હાલી હું પહેલી લાઈનમાં જ જમવા બેસતી.
મારે તો ખાવું હોય એટલું જ લેવાની બાળપણથી જ આદત. સુરતથી આવતા હસમુખભાઈ તો મારી થાળી સામે જોઈને પિતાજીને કહેતા. બહું હોંશિયાર છે હો દીકરી, ડાહી પણ કેટલી છે. જમ્યા પછી પણ થાળી કેવી સાફ લાગે છે. પિતાજી મારી સામે ગૌરવથી જોઈ રહેતા. આજ તો એ બધા વડીલો સ્વ. વાસી છે. યાદો રહી ગઈ છે.
શબ્દો સમય મર્યાદા સાથે વિરમું છું.
હંસા ઝાલા "લાગણી"સુરત

★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★

**NOGSS No. 0200**
વિષય : શૈશવનાં સંભારણાં
પ્રકાર : ગદ્ય લેખ, શબ્દો-૩૪૦
શીર્ષક : મારું બાળપણ
નામ : નિશીથ બક્ષી "નિજાનંદ"

છ સાત વર્ષ સુધીની ઉંમરની ઘરમાં ધમાલ હોય કે આઠથી પંદર વર્ષ સુધીની શાળાના મિત્રો સાથેની ધીંગામસ્તી હોય. ઉંમર વધતાંની સાથે આપણને બધું યાદ આવે.

મારું શૈશવ, રંગીલા શહેર રાજકોટમાં વીત્યું. રાજકોટ છે જ એવું છે, કે ત્યાં કોઇ ત્રણ-ચાર વર્ષ રહે, તો તે ત્યાંનો દિવાનો થઈ જાય. એને બીજે ક્યાંય રાજકોટ જેવી મઝા જ ન આવે.

મેં શાળા, કોલેજ બંનેનો અભ્યાસ રાજકોટમાં કર્યો. હું સાત વર્ષનો થયો ત્યાં સુધી મને શાળામાં દાખલ કર્યો નહોતો.(એટલો તોફાની!) જો કે ઘેર રહીને મોટાં ભાઈબહેનો પાસે બેસીને અભ્યાસ અવશ્ય કરતો. મેં ત્રીજાથી પાંચમા ધોરણ સુધી જાગનાથ શાળા અને ત્યારબાદ રાજકોટની વિખ્યાત સ્કૂલ વિરાણી હાઈસ્કૂલમાં એસએસસી સુધી અભ્યાસ કર્યો હતો.

શાળામાં મારી સાથેના મિત્રો, સારા કુટુંબના અને ભણવામાં હોશિયાર હતા. તેઓમાંના કેટલાક અમારી જ્ઞાતિના હતા. (એ મને સ્કૂલ છોડ્યા પછી ખબર પડેલી.) મારો એક મિત્ર, ધોરણ ૧૧માં કોઈ વાર તેમના પિતાશ્રીની કાર લઈને આવતો અને અમે તેમાં બેસીને ઘર સુધી જતા. કોઈ વાર તેને સ્ટાર્ટ કરવા માટે બોનેટ પાસે પેલું હેન્ડલ પણ ગોળ ગોળ ફેરવેલું એ ઘટના અવિસ્મરણીય રહેશે. પડોશમાં જે કુટુંબ રહેતું, તેમના સંતાનો પણ ઉંમરમાં અમારા ભાઈબહેનો જેવડાં જ હતાં એટલે સારી દોસ્તી રહેતી.

હું રાજકોટની કોટક સાયન્સ કોલેજમાં ભણીને બીએસસી થયો. કોલેજના કેટલાક લેક્ચરર, પ્રોફેસરને બહારથી બૂમો પાડીને વિદ્યાર્થીઓ ભાગી જતા. કોઈ વાર અમારા ભાઈબંધો સાથે લોબીમાં લટાર મારવા નીકળીએ, ત્યારે અમારામાંથી જ કોઈ અવળચંડાઈ કરીને, દોડીને ભાગી જાય. હું ભણવામાં સિન્સિયર અને હોશિયાર પરંતુ દોડવામાં ધીમો. આથી એકવાર પકડાઈ ગયેલો અને પ્રિન્સિપાલ પાસે પણ લઈ ગયેલા. જો કે મારું ગરીબડું મુખ જોઈને અને મુખ પરની શાલીનતા જોઈને, તેમણે દંડ કર્યો નહીં અને ચેતવણી આપીને છોડી મૂક્યો હતો.

કોલેજના મેદાનમાં બંને કોલેજની એકમાત્ર કોમન કેન્ટીન હતી. પટ્ટીવાળી જાળીની દીવાલો, ઉપર પતરાં અને બેસવાના બાંકડા. પતરાંની શીટ લગાવેલાં ટેબલો. જિંદગીમાં એ ક્યારેય નહીં ભુલાય. તે વખતે કોલેજમાં ચા પીવાની ફેશન નહોતી એટલે કેન્ટીનમાં સમોસા, ભજીયાં, ગાંઠિયા, ક્રીમરોલ અને ખારી બિસ્કીટ એટલું જ મળે. એ દિવસોની મજા જ અલગ હતી. જો કે, છેલ્લા બે વર્ષમાં ખંતપૂર્વક અભ્યાસ કરીને ત્રીજા વર્ષમાં ૭૭ અને ફાઇનલમાં ૬૧ ટકા માર્ક મેળવી પાસ થયો હતો, એ ઘણી ખુશીની વાત છે. આ હતાં મારાં શૈશવનાં સંભારણાં.

★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★

**NOG SS NO - 195**
વિષયઃ- શૈશવ ના સ્મરણો
શિર્ષકઃ- સરી ગયું શૈશવ
પ્રકાર :- પદ્ય / શબ્દ :- ૬૪
ઉંબરો ઓળંગી ઉંમર વૃદ્ધત્વ માં વટલાય,
પણ સ્મરણો શૈશવના તે કેમ કરી ભૂલાય.
સીમ અને સીમાડો અને એ પ્રેમનુ પાદર
વડીલ અમારો એ વડલો કેમ કરી વિસરાય.
ધુબાંગ ધૂબાંગ ધુંબકા ધરા ધ્રુજાવી નાખતા,
શીખવતા રહેતા સખાને આવી રીતે તરાય.
ઓતરે અડવુંને ચોતરે ચડવું ઉપરથી પડવું
શાનદાર શૈશવ "અમૃત" અંતરમાં અથડાય.
શૈશવના સ્મરણ મારા આયખાના આવરણ
એ શૈશવનો વૈભવ હજુય કાનમાં સંભળાય
અમૃત શ્રીમાળી - મહેસાણા

★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★

**NOG:SS:NO. : 142**
વિષય : "શૈશવના સંસ્મરણો"
શીર્ષક : "છૂટી ગયું"

સહેજ મોટા થયા ના થયા, ને બાળપણ છૂટી ગયું.
ઠપકો પિતાનો, માતાનું વ્હાલ, લાડપણ છૂટી ગયું.

ઘરનું દેશી ઘી, દૂધ, દહીં ને છાસ, ભાજી,
વતન, વગડો, વાડિયું, ને ધાવણ છૂટી ગયું.

દોડી પડ્યા જોયા વગર, ગરજ છે કે નઈ!?
એવા પડ્યા, એવા પડ્યા, ડાહપણ છૂટી ગયું.

પીસાયા, કચડાયા, વગોવાયા, છેતરાયા પણ ખરા,
હવે ઘડાઈ ગયા અનુભવે, ભોળપણ છૂટી ગયું.

"શૈલ" વિંધાયો કબૂતર માફક, નફામાં શેકાયો,
ચતુર બન્યો હવે કાગડો, ગાંડપણ છૂટી ગયું.
શૈલેષ ભોઈ "શૈલ"

★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★

**NOG SS NO 224**
વિષય :- "શૈશવના સંસ્મરણો"
શીર્ષક
આભાર - નિહારીકા રવિયા :- પ્રીત અમારી
પ્રકાર :- ગદ્ય - શબ્દ :-૨૫૭

શૈશવના સંસ્મરણોની વાત કરતા બાળપણ સાંભરી આવે છે. હું નાની હતી ત્યારે મને કોઈપણ અબોલ જીવની ખૂબ બીક લાગતી. બાળપણમાં મેં કદી કોઈ ગલુડિયાને કે કોઈ બિલાડીના બચ્ચાને કે કોઈ પક્ષીને કદી પકડેલા નહીં કે કદી રમાડેલા પણ નહીં. બીજા બાળકો રમાડતા તે જોઈ આનંદ થતો.

એ વખતે મુખ્યત્વે મેદાનની રમતો રમાતી. જેમાં સંતાકૂકડી, થપ્પો, ઈંડું, પગથિયાં, સાતોલિયું, રૂમાલદાવ, પકડદાવ, ખો, લખોટી, દોરડાં કૂદવા એવી વિવિધ રમતો બધાં ભેગા થઈ રમતા. ઉનાળા વેકેશનમાં ઘરે પત્તાની રમતો, ચેસ, કેરમ, પાસીંગ ટુ પાસીંગ, અંતાક્ષરી વિ. રમતા.

શ્રાવણ માસમાં મેળો ભરાતો. જેમાં મોતનો કૂવો એવો શૉ લાગતો. જે જોવાનું થતું, હદયની ધડકનો તેજ થઈ જતી. પણ ખૂબ મજા આવતી. નાનપણથી લાઈવ સ્ટેજ શૉ જોવા ખૂબ ગમતા. જાદુગરના ખેલ, નાટક, ભવાઈ, સંગીત સંધ્યા, મદારીના ખેલ વિ. જોવા ખૂબ ગમતા.

દર સાલ પહેલી ઓક્ટોબરના દિવસે સ્કૂલથી આવી આખી ટીમ ભેગી થઈ મહાત્મા ગાંધીજીની જન્મ જયંતિ મહોત્સવ ઊજવવા ઝૂંપડી બાંધતા. ચરખો બનાવતા. ઈંટો ભેગી કરી ખુરશી જેવું કરી ઉપર કાપડ ઢાંકી બાપુનો ફોટો મૂકતા. અને બીજી ઓક્ટોબરના દિવસે દીવો અગરબત્તી કરી, સવારથી વારાફરતી ધૂન કરતા. 'વૈષ્ણવ જન તો તેને રે કહીએ, જે પીડ પરાઈ જાણે રે...'ના રાગડાં તાણતા. આવતા જતા દરેકને પોપિન્સ, રોઝ મિન્ટ, રેવડી, સીંગ સાકરનો પ્રસાદ આપતા. ગલ્લાંમાં થયેલી બધી બચત ખાલી કરી નાંખતા. અને ખૂબ આનંદ આનંદ કરતા.

નાનપણમાં પળભરના કીટ્ટાં અને પલકવારમાં બુચ્ચાં થઈ જતા એ નાનપણની સફરના વર્ષો, એ જ શૈશવના સંસ્મરણો. કાશ! એ નિર્દોષ, સરળ, નિખાલસ, પરસ્પર ઓળઘોળ થવા તત્પર રહેતું એ બાળપણ દરેકમાં જીવંત રહી શકતું હોત...!

પ્રીતિ શાહ પટેલ 'પ્રીતાર્ષ'

★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★

**NOG SS NO - 0050**
વિષય - શૈશવના સંસ્મરણો
વિષય - યાદોની વમળ શૈશવની.
પ્રકાર - પદ્ય શબ્દ સંખ્યા - ૧૧૦
.......................................
શૈશવની માસુમ યાદવ નવીનતાથી ધૂળનીચે દબાણી..! એક આંગળી પકડી કહેતી હું,
ક્યારે જલ્દી જીવીને બચપણથી થવું મોટું...!
નથી ભુલાતી એ બચપનની રમતો..!
સંતાકુકડી, ગિલ્લી દંડો, ક્રિકેટ,, છુપાછુપી...!

હવે તો પુરાણા ચાર દીવાલો મહીં..!
ભૂલ્યાં ભીની માટીમાં રમવાનું..!
સપનાં હાસીલ કરવાં દોડ મૂકી..!
ભુલાય વાસ્તવિકતાને ...!

મુક્ત થઈએ યાદોનાં વમણમાંથી..!
ખેતરમાં રમવું પરી કથા માણવી એ સઘળું વિસરાયું...!
હવે શૈશવ ને કેમ ભુલાય ...?
ત્યારે નહોતી ચિંતા કે ભાર...!

મારી દીકરીનાં ઘરે બાળક જોઈશ...!
શોધીશ તેમાં બાળપણ મારું..! પોતાની એષણાઓ ના થોપતા..!
કર્મે નાં પરિણામમાં બાંધશો નહીં...!

થોડું તેના મનનું પણ કરવાં દેજો..!
દેજો શૈશવની આઝાદી મણવા દેજો ...!
ફરી થવું છે બાળક મને...!
તનથી નહીં મનથી બાળક બનવું છે..!

ફરી બનાવી દે ઈશ બાળક..!
ફરી ઢીંગલા ઢીંગલીનું બાળપણ માણવું છે..!

રાગિની શુક્લ "રાગ" મુંબઈ

★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★

**NOG SS NO: 346**
વિષયઃ શૈશવના સંસ્મરણો
શીર્ષક : શૈશવ. પ્રકાર : ગદ્ય
શબ્દો : ૩૫૦
આપણા સૌ કોઈના જીવનની અગણિત ભૂલો માફ જો ક્યાંય માફ થાય એવું હોય તો તે આપણું બાળપણ જ છે. બાળપણનું જીવન કોઈક જ માત્ર વ્યક્તિ હોય જેને પ્રિય ન લાગે. બાળપણમાં કોઈ પણ જાતની ભાવના જેવી કે કપટ, ગુસ્સો, લાલચ, મોહ માત્ર થોડા સમય માટે આવીને જતું રહેતું હોય છે. જે કોઈપણ બાળકના મનમાં રેહતું નથી અને તેથી જ સૌ વડીલોને બાળકો વ્હાલાં અને પ્રિય લાગે છે.

બાળપણની એ સ્કૂલની રિક્ષાની સફારી હોય કે પછી શાળામાં અભ્યાસ કરાવતા શિક્ષક ન આવ્યાની ખુશી એ મનને હંમેશાં યાદ રહે છે. બાળપણની સંતાકૂકડી,સાત ટીકડી,પિન્કીપિન્કી ક્યો કલર,બરફપાણી,ચોરસિપાહી,લંગડી,સંગીતખુરશી જેવી અનેક રમતો આજે પણ મને યાદ કરતા મારા ચેહરા પર હાસ્ય આવી જાય છે. ને હાસ્ય કેમ ન આવે! આટ આટલું સુંદર બાળપણ અને બાળપણની રમતો. કદાચ આજના સમયના બાળકો મોબાઈલ ફોનની રમતો થી થોડાક સમયમાં કંટાળી જાય એવું બને પણ આવી સાહસિક રમતો જેટલો સમય રમાય ને થાકી જવાય પણ મન કદી થાકતું નથી.

મટકી ફોડના કા?યક્રમો હોય કે પછી ગણેશ ઉત્સવનો સૌ કોઈ મિત્ર શાળાનું કામ પતાવીને, ફાળો ઉઘરાવી લાવીને આખા બોપોરમાં ઉત્સવોની તૈયારીમાં લાગી જવાનું એ પ્રસંગ કેમ કરી ભૂલાય. વર્ષાઋતુ શરૂઆતના સમયમાં પાણીમાં ભીંજાવાનું તેમજ નજીકમાં તળાવ કે નદીએ પાણી જોવા જવાનું, તેમાં કાગળની હોડીઓ તરતી મૂકીને ખુશ થવું. પતંગોત્સવ હોય ત્યારે પતંગ ને દોરીની તૈયારી અગાઉથી જ કરી લેય ને સવારે થી સાંજ સુધી માત્ર ઘરે જમવા માટે જ જવું અને પૂરો દિવસ મિત્રો સાથે મજા કરવામાં પસાર થતો.

બાળપણનો એ સમય ભલે જતો રહ્યો હોય પણ તેમ જ છતાં આ સમય ની હયાતી હજીય મનમાં જીવિત છે. જીવનમાં હંમેશા પોતાના મનને બાળક બનાવીને રાખવું જેથી જીવન પસાર કરવા સરળતા બની રહે છે. કારણકે બાળક પોતાના મનમાં કોઈ પણ વાતોને વાગોળતાં નથી હોતું. તે હંમેશા સમયના વર્તમાન સાથે જીવનનો આનંદ માણે છે. મુશ્કેલી હોય તો રડી લેય અને ખુશીઓ હોય તો ખુશ થઈને હંમેશાં જીવનમાં સ્મરણ રાખે.

આપણે સૌ કોઈએ પણ એક બાળકની જીવનનાં વર્તમાન સમયમાં જીવનમાં પ્રયત્નો કરવાના છે. કોઈના લીધે આપણે સુખ અનુભવીએ તો એ સમયને હંમેશા મનમાં યાદ રાખવું અને કોઈએ આપણને દુઃખી કર્યા હોય તો તેમને સમય જતા અચુકથી માફ કરીને જીવનમાં આગળ વધવાનું. અને આમ કરવાથી જ આપણું જીવન ખરા અર્થમાં એક ઉત્સવના જેમ ઉજવાય છે એ કેહવુ ખોટું નથી.

લેખિકા : ધીનલ એસ. ગાંવિત

★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★

***NOG SS No.: 0141***
★વિષય : "શૈશવનાં સંસ્મરણો"★
★શીર્ષકઃ "મારી ફરિયાદો"★
★શબ્દ સંખ્યાઃ ૩૫૦★

વશ્યાબા, જુઓને તમારો રસિકો! "મારી ચોપડી ફાડી! એક નાનકાએ કહ્યું. બીજું કહેવા લાગ્યું કે મારી પાટી તોડી નાખી! ત્રીજુંઃ મને આંટી મારી! પછી તો વણઝાર... પાડી દીધો, ગુંબો માર્યો, પથ્થરો માર્યો, પેન ખાઈ ગયો, ખમીસનું ગજવું ચીર્યું, ધક્કો માર્યો - એમ ચોથું, પાંચમું છઠું સાતમું કે દસમું..." સૌની રાવ, મારા બાપા વશરામભાઈને, દિવસમાં ઓછામાં ઓછી, દસેક તો એમને મળે અને મળેજ, મારી!

મારા બાળપણના મિત્રો, સહાધ્યાયીઓની, આવી ફરિયાદો તો હોય પણ એમના વાલીઓની, શાળામાંથી શિક્ષકોની અને ગામના લોકોનીય ફરિયાદો હોય! "વાડ તોડી, છીંડું પાડ્યું, ભીંડા ભાગ્યા, તલ ચોર્યા, દરણું બગાડ્યું, માટલું ફોડ્યું, ઘોડિયું તોડ્યું, ચૂલો ઠાર્યો, મશ્કરી કરી, તાળું ખોયું, માર માર્યો, આગળો દીધો, બારી ભટકાડી, છોડ બટક્યો, ગાય ભગાડી, બકરી દોડાવી" - આવી ઘણીબધી, વિવિધતા ધરાવતી અનેક ફરિયાદો મારા પિતાને મળતી.

ખુલ્લા દિલે કહું છું કેઃ "આગળ જણાવ્યું તેમ, હું દરેક વાતે વાંકમાં નહોતો હોતો. મારા મિત્રો, નિશાળિયાઓ(પોતાના વાંક) અને વડીલો(એમના સંતાનને બચાવવા) દરેક જણ ફાવે તેતે વાંક કે ગુનો, મારા નામે ચડાવી દેતા. સાવ નાખી દીધા જેવી વાત પણ મારા નામે નોંધાય! મારા વિષેની આવી કોઈપણ બાબત વિનાવરોધ, સત્યતાની ખાતરી કર્યા વિના સૌને, સ્વીકાર્ય બની જતી.

બાળપણમાં હું, નામ પ્રમાણે "રસિક(નટખટ)" હતોજ નહીં! હું મૂળે એકલપંડ મસ્તીખોર, ગપોળ, ભોળો, ભોટ, સહનશીલ, વડીલોની આમન્યા રાખવાવાળો, ખોટી વાતનોય વિરોધ ના કરું એવો, અંતર્મુખી હતો. આવી ફરિયાદો જ્યારે જ્યારે આવે, ત્યારે મારા બાપા મને હાજર રાખતા છતાં હું ક્યારેય એવી કોઈ ખોટી વાતનો વિરોધ
આભાર - નિહારીકા રવિયા ના કરતો. મને શું થતું કે હું, બસ મૌન ધારણ કરી લેતો. સાચું કે ખોટું કંઈપણ બાપુજીને જણાવતો નહિ. મારા વતીની મારી મા, જેટલું જાણતી હોય તેનો આધાર લઈને મારો બચાવ કરતી પણ જ્યાં હુંજ, મુંગો માર્યો ભફફ! રહેતો હોઉં; ત્યાં એ પણ શું કરે? મને અપાતી સજાના ભાગરૂપે સૌ પ્રથમ એનેજ ચૂપ કરવામાં આવતી. બબડાટ કરતી એ મને, એના પાલવમાં સંતાડી, આડા હાથ કરી શક્યતે બચાવ કરતી.

હું તો ખાસડાં ખાવા તૈયારજ હોતો. મારા બાપા એમની બધી ચીડ, ગુસ્સો મારા પર ઉતારતા. સ્થિતપ્રજ્ઞ જેવો હું એકપણ ઉંહકારો કર્યા વિના, સખત માર ખાઈ લેતો. મારા પિતાને એમ કરતાં જે શાંતિ મળતી હશે! કદાચ, "તે!" મારો હેતુ હોય એમ હવે મને લાગે છે!
લેખકનું નામઃ રસિકભાઈ વ પરમાર"રવ"

★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★

**NOG SS.NO. 139**
વિષય - શૈશવનાં સંસ્મરણો
વિભાગ - ગદ્ય ( લેખ )
શબ્દ - ૩૪૫ શીર્ષક - શૈશવનો વૈભવ
માનવજીવનની ત્રણ મુખ્ય અવસ્થાઓ છે. બાલ્યકાળ, યુવાનીકાળ અને વૃધ્ધાવસ્થા. આમાંથી આજીવન મનમાં મધુર સંસ્મરણો બનીને આપણી અંદર રહેલા બાળકને જીવંત રાખી મનને પ્રફુલ્લિત રાખતી કોઈ અવસ્થા હોય તો તે છે બાલ્યાવસ્થા!

દરેક માનવીના જીવનમાં શૈશવકાળની અલગ અલગ અનુભવકથાઓ છુપાયેલી હોય છે.કોઈના માટે આ અનુભવ સુખદ હોય તો કોઈના માટે પીડાદાયી પણ હોઈ શકે. પરંતુ મોટેભાગે ગમે તેવી ગરીબાઈ કે મુશ્કેલીઓમાંથી પસાર થયેલો શૈશવકાળ પણ જે તે માનવીના જીવનનું એક સુખદ સંભારણું બનીને જળવાતો હોય છે. બાળપણની કેટલીક એવી યાદો હોય છે જેનું સ્મરણ કરતાં જ પળવાર માટે તો માનવી બધું વિસરી જઈ થોડી ક્ષણો માટે બાળપણના એ નિર્ભેળ આનંદની દુનિયામાં પહોંચી જઈ પરમ સંતોષ ને આનંદની લાગણી અનુભવે છે.

માતાપિતા સાથે કરેલાં લાડદુલાર, ભાઈબહેનો સાથેની મસ્તી, ઝગડાં, રિસામણાં મનામણાં ને શાળાજીવનની ધીંગામસ્તીના વૈભવથી સમૃધ્ધ શૈશવકાળ પ્રત્યેક માનવીના માનસપટલ પર અંકિત થયેલ શિલાલેખ સમાન છે.

શૈશવકાળ દરમ્યાન શાળાજીવનના સહપાઠીઓ સાથેની મૈત્રી આજીવન અકબંધ રહેતી હોય છે. ત્રીસ ચાલીસ વર્ષ પછી ભેગા થયેલાં અમે શાળાજીવનનાં સહપાઠીઓ જ્યારે પણ મળીએ છીએ ત્યારે બેઘડી માટે બધાં એ બાળપણની દુનિયામાં ખોવાઈ જઈએ છીએ. સાયકલ પર સ્કુલે જતાં બંને હાથ છુટ્ટાં મુકી સાયકલ ચલાવવાનો રોમાંચ યાદ આવે તો આજે પણ મન રોમાંચિત થઈ ઊઠે છે!

એ જમાનામાં ટીવી તો હતું નહીં. એટલે શાળાએથી આવીને લેસન પતાવી રમવા નીકળી પડવાનું. સોસાયટી બહુ મોટી હોવાથી સરખી ઉંમરના બધાં મિત્રો થપ્પો, આઈસપાઈસ ને પકડાવ જેવી રમતો રમતાં ને જમવા ટાણે ઘર ભેગા થાતાં. મને સીવણ જરાયે ગમે નહીં ને એની શિક્ષિકા પણ બહુ કડક હતાં એટલે જ્યારે એનો પિરિયડ હોય ત્યારે અચુક મને પેટમાં દુઃખે ને એ બહાના હેઠળ સ્કુલમાં રજા પાડી દેતી! આજે જોકે જુઠ્ઠું બોલી માતાપિતાને છેતર્યાનો અફસોસ પણ થાય છે. મને ક્રિકેટનો બહુ શોખ. પપ્પાને પોકેટ રેડિયો ભેટમાં મળેલો. જ્યારે પણ મેચ હોય ત્યારે હું દફ્તરમાં છુપાવી રેડિયો લઈ જતી ને કોમેન્ટ્રી સાંભળતી! શિક્ષક છોકરાઓને જ ધમકાવે કેમકે એ જમાનામાં કોઈ છોકરી આવાં કામ કરે એ જલ્દી કોઈના માન્યામાં ના આવે!

આવી કેટલીયે યાદોથી ભરપુર મારો શૈશવકાળ મારા માટે મારો અણમોલ ખજાનો છે જે મારા હદયના પટારામાં મેં જતનથી સાચવ્યો છે.
રત્ના પટેલ જરીવાલા.(વિદુષી)

★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★

**NOG SS No : 231**
વિષય શૈશવ ના સ્મરણો
શિર્ષક . આલ્બમ શબ્દ ૧૫૩
બચપન એ દરેક ના જીવન નો એવો તબક્કો છે કે જેની યાદો ક્યારેય ભુલાતી નથી પછી એ સમયે કરેલી ભૂલો હોય કે મેળવેલી સફળતા જીવન ના આલ્બમ મા એ બ્લેક એન્ડ વ્હાઈટ ચિત્ર ગેલેરી માં જેમ શોભી રહ્યું હોય એમ આપણે એને નીરખ્યા કરીએ છે ના તો બચપન પાછું આવે છે ના એ સમય એમાંથી કશુજ ના આપડે બદલી શકીએ છીએ.ના પાછું લાવી શકીએ છીએ એ તોફાનો એ માસૂમિયત અને એ અચરજ પામડતી દુનિયા અને એના નિયમો બધું એક કંપાસ બોક્સ મા પૂરી ને આપડે લેપટોપ ની દુનિયા માં આગળ વધી ગયા છે નોટ ની પાછળ ના પન્ના પર દોરેલા એ બેઢંગી ચિત્રો અને ઘસેલી પેન પેન્સિલ ના આડા ઊભા લીટા આમાંથી ક્યારે મોબાઈલ ની દુનિયા મા આવી ગયા ખબર જ ન પડી
"જો મળે મને એ વિશ્વ મારું
ચિત્રો રંગીન કરી દવ ફોટા ના
મળે ભલે ના બધુજ ગમતું
પણ અધૂરું પૂરું કરી લવ "
લેખિકા સુચી રાવલ

★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★

**NOG SS No . 118**
વિષય :- શૈશવના સ્મરણોં
વિભાગ :- પદ્ય. શબ્દ :-૮૯
શીર્ષક :- અમારો શૈશવ કાળ "

હતો ખૂબ સુહાનો, અમારો શૈશવ કાળ;
ખૂબ ખૂબ મજાનો, અમારો શૈશવ કાળ;

ખીસ્સા હતાં ખાલી, હતા દિલના અમીર,
જળમાં તરતાં જહાજો અમારો શૈશવ કાળ;

જમીન ન હતી ફૂટ કે વારમાં પાસે અમારી,
એકરમાં હતાં મેદાનો, અમારો શૈશવ કાળ;

તહેવારની છૂટીમાં માણતાં બસ તહેવાર જ,
હોળી, દિવાળી મેળાઓ, અમારો શૈશવ કાળ;

લડતા ઝગડતા પ્રતિદિન એકબીજાથી છતાં,
ન રાખતાં મેલી મુરાદો, અમારો શૈશવ કાળ;

એક હાકલે પહોંચતાં મિત્રો પાસે ઉઘાડે પગે,
કરતાં નિર્દોષ તોફાનો, અમારો શૈશવ કાળ;

શૈશવના સ્મરણ કરતાં આંખો રડે છે "વ્યોમ"
મિત્રો સાથે ફરી માણવો, અમારો શૈશવ કાળ;
વિનોદ. મો. સોલંકી "વ્યોમ"
જેટકો (જીઈબી), મુ. રાપર.

★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★

**NOG SS NO: 368**
વિષયઃ શૈશવના સંસ્મરણો
પ્રકારઃ અછાંદસ ગદ્ય
શીર્ષકઃ શૈશવ. શબ્દોઃ ૧૩૮

બાળપણ એટલે -?
સ્કૂલ સાથે જોડાયેલી યાદો!!
ચપ્પલ વિના,ગામના ધૂળિયા રસ્તે ચાલવુ
કોંટ્યાવાળી થેલીમાં સ્લેટનો ટુકડો લઇ
રસ્તા પર થેલી ઘસેડતા જઈને ખૂબ રમ્યા...
પેનનો ટુકડો નાનો, પણ સાચવીને રાખતા
પ્રાર્થનામાં એકબીજાને કાણી આખે જોઈ લેવું
બપોરની રિશેષમાં ખાડીએ ભૂસકા મારવા જવું
ખિસ્સામાં જુવારનો સૂકો રોટલો લઇ જવો ને -
ચાલુ તાસમાં છાનોમાનો ખાવો...!
સૂકો રોટલાનો એ મીઠો સ્વાદ
'માં' ની યાદ અપાવતો
ખો-ખો, કબડ્ડી, સંતાકુકડીની રમત, ને ?
ચલકચલાણીની રમતનો દાવ લેવા કરેલી પડાપડી
એ મઝા આજે ક્યાં?
યાદો થકી દ્રશ્ય સામે આવે,
લંગડી, આંબલી પીપળીની રમતો તો ખૂબ રમતાં...
ઉનાળાના તાપમાં ખેતરમાં જઇ શીંગ ખવરવી,
છાણાં વીણવા ને થાપવા, કાદવના રમકડાં બનાવતાં,
ઝાડ નીચે બેસી ઢીંગલાં ઢીંગલીની રમત રમવી,
સરવાળે બાળપણ, બાળપણની જેમ જ
રમત રમીને, ભણીને ?!! વિતાવ્યું...
શૈશવ તો શૈશવ જ રહ્યું !!
ને, આપનું શૈશવ કેવું રહ્યું ?

જ્યોતિ મહેતા. 'પ્રેમજ્યોતિ' બારડોલી

★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★★

**NOG SS NO 184**
વિષય :- ''શૈશવના સંસ્મરણો''
શીર્ષક :- શૈશવનો કેશવ
પ્રકાર :- પધ - શબ્દ :-૧૩૩

મોટા ઘરો, ખુલ્લા આંગણા, ચોતરફ મોકળાશ;
મનમાં મોકળાશ, કોઈના પણ માટે નહીં ખારાશ.

નળિયાવાળા મકાનો, લાંબા ને ઉઘાડા ફળિયા;
જીવનભરનું સાચું સુખ એ ધૂળિયામાં રળિયા.

ચૂલો, લાકડાં, ભૂંગળી, ધુમાડો, દેગડું ને કોલસા;
તૈયાર થઈને દોડાદોડી, પકડાપકડી; એ જલસા!

અબોલ જીવ સચવાતા, ખાવાનું પોટલેપોટલા;
હવાડા ને ચબૂતરા, ઓટલા, માટલાં અને રોટલા.

બા, પપ્પા, દુકાન, મંદિર, પુસ્તકાલય ને આરતી;
મારી નકુચી-ચીકુ, મારું માંદલું-જાફલું, શૈશવ ભારતી.

હૂંફ, ઉષ્મા, લાગણી, દયા ને મદદનો એ આકાર;
આજે શહેરો કરી રહ્યા એ જ શૈશવ માટે પોકાર.

ઓછી આવક, પૂરો સંતોષ, થપ્પો પણ સનાતની,
'હર્ષ' શોધે એ શૈશવ, શું સ્વપ્ન હતું એ ટનાટની.

સાથે, ભેગા, ટોળાં, સમૂહ, જોડેઃ દીસે આ આસવ;
'પરખ' કરો
આભાર - નિહારીકા રવિયા ભારતમાં, મળે ખરો ફરી શૈશવનો કેશવ?

હસમુખ બી. પટેલ 'હર્ષ'-'પરખ'

# દેશના વડાપ્રધાન શ્રી નરેન્દ્ર મોદીએ વાવોલની શાલીન સોસાયટી ખાતે પીએમ સૂર્ય ઘર વીજળી યોજનાના લાભાર્થીના ઘરની મુલાકાત લીધી



**વડાપ્રધાન શ્રી નરેન્દ્ર ભાઈ મોદીએ શાલીન સોસાયટીમાં પીએમ સર્ય ઘર વીજળી યોજનાના લાભાર્થીના ઘરે ધાબે જઈ રૂફટોપ સોલાર પેનલનું નિરીક્ષણ કર્યુ**

===================

**દેશના વડાપ્રધાન શ્રી નરેન્દ્ર ભાઈ મોદીને નગરજનોએ એક દિવસ અગાઉ જન્મદિવસની શુભકામનાઓ પાઠવી, જય સિયારામ અને વંદે માતરમૂ નારાઓ લગાવી ઉષ્માભર્યું સ્વાગત કર્યું**

ભારતના યશસ્વી પ્રધાનમંત્રી શ્રી નરેન્દ્ર ભાઈ મોદી ત્રણ દિવસ માટે ગુજરાતના પ્રવાસે પધાર્યા છે. ચોથા વૈશ્વિક નવી કરણીય સંમેલન અને એક્સ્પો : રી ઇન્વેસ્ટ નો મહાત્મા મંદિર, ગાંધીનગર ખાતે શુભારંભ કરાવતા પહેલા દેશના વડાપ્રધાન શ્રી નરેન્દ્ર ભાઈ મોદીએ વાવોલ ખાતે શાળામાં પીએમ સૂર્ય જ્યોતિરથ યોજનાની રૂફટોપ અને પીએમ સૂર્ય ઘર મફત વીજળી યોજનાના રૂફટોપ પેનલનું નિરીક્ષણ શાલીન સોસાયટીના એક ઘર ઉપર જઈને કર્યું હતું.

દેશના વડાપ્રધાન શ્રી નરેન્દ્ર ભાઈ મોદી વાવોલ ખાતે પહોંચ્યા હતા, ત્યારે માર્ગની બંને બાજુ અને પોતાના ઘરની છત અને બાલ્કનીમાં ઉભેલા નાગરિકો દ્વારા નરેન્દ્રભાઈ મોદીને તેમના જન્મ દિવસની શુકામનાઓ એક દિવસ પહેલા આપવા માટે હેપ્પી બર્થ ડે ટુ યુ અને જય સિયારામ, વંદે માતરમૂ જેવા નારા લગાવી તેમનું ઉષ્માભર્યું સ્વાગત કર્યું હતું. સર્વે લોકોના પ્રેમનું અભિવાદન દેશના વડાપ્રધાનશ્રીએ હાથ હલાવી ઝીલ્યું હતું. વડાપ્રધાન શ્રી નરેન્દ્ર ભાઈ મોદી શાલીન સોસાયટી ખાતે પીએમ ઘર મફત વીજળી યોજનાના લાભાર્થી શ્રી જગશીભાઇ સુથારના ઘરની છત ઉપર લાગેલ રૂફટોપ પેનલનું ધાબે જઈને નિરીક્ષણ કર્યું હતું આ નિરીક્ષણ દરમિયાન વડાપ્રધાનશ્રીએ આ યોજનાના લાભાર્થી ને આ રૂપ ટોપ પેનલ લગાવ્યા બાદ તેમના ઘરના વીજ બિલ માં શું ફરક પડ્યો છે અને આ યોજના વિશે તેમનો અભિપ્રાય જાણ્યો હતો. દેશના વડાપ્રધાન શ્રી નરેન્દ્ર ભાઈ મોદી લાભાર્થીની છત ઉપર ગયા હતા, તે સમયે તેમની સાથે રાજ્યના મુખ્યમંત્રી શ્રી ભુપેન્દ્રભાઈ પટેલ પણ મુલાકાતમાં સહભાગી બન્યા હતા. ધાબા ઉપર રૂફટોપ પેનલનું નિરીક્ષણ કરવા ગયેલા વડાપ્રધાનશ્રીએ શાલીન સોસાયટીના રહીશોનું અને અન્ય નાગરિકોનું ધાબે જઈ અભિવાદન હાથ હલાવીને કર્યું હતું. આ પ્રસંગે ગુજરાત રાજ્યના મુખ્ય સચિવ શ્રી રાજકુમાર, ગુજરાતના ઉર્જા અને પેટ્રોલ કેમિકલ્સ વિભાગના અધિક મુખ્ય સચિવ શ્રી એસ.જે.હૈદર, ઉત્તર ગુજરાત વીજ કંપની લિમિટેડ ના એમડી શ્રી અરુણ મહેશ બાબુ, રાજ્ય પોલીસ વડા શ્રી વિકાસ સહાય, જિલ્લા કલેકટર શ્રી મેહુલ દવે સહિત નાગરિકો મોટી સંખ્યામાં ઉપસ્થિત રહ્યા હતા.

# યોજક સંસ્થા દ્વારા મહારદર ગામે વન ભાજી મહોત્સવ કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું



આહવા-ડાંગ

ડાંગ જિલ્લામાં અનેક વનભાજીઓ ઋતુઓ પ્રમાણેજોવા મળતી હોય છે તેમજ આદિવાસી સમાજને ગૌરવ આપે તેઓ ઉત્સવ એટલે વન ભાજી મહોત્સવ. ગતરોજ ડાંગ જિલ્લાના મહારદર ગામે પરંપરાગત વન ભાજીઓનો કાર્યક્રમ નું આયોજન કરવામાં આવ્યું હતું જેમાં ડાંગ જિલ્લામાં જોવા મળતી પરંપરાગત અને કુદરત રીતે ઊગી નીકળતી વનભજીઓનો ઓનું નિદર્શનનું કાર્યક્રમ આયોજન કરવામાં આવ્યું હતું વર્તમાન સમયમાં આપણા ખોરાકમાં ઘણું પરિવર્તન આવ્યું છે જેમાં બહારનો ખોરાક આપણને ઘણી બીમારીઓના આમંત્રણ આપે છે પરંતુ ડાંગ જિલ્લામાં આજે પણ અનેક પૌષ્ટિક વન ભાજીઓ જોવા મળે છે અને ડાંગ જિલ્લાના લોકો તેને દરેક ઋતુમાં ખોરાક તરીકે ઉપયોગ કરે છે. વનભાજી મહોત્સવ કાર્યક્રમમાં કુલ ૩૦જેટલા બહેનો અને ભાઈઓ ઉપસ્થિત રહ્યા હતા તેમ જ આ કાર્યક્રમનું આયોજન ડો.આંબેડકર ટ્રસ્ટના એન.આર.એમ .પ્રોજેક્ટ જામલાપાડા ના કોડીનેટર છગનભાઈ ચોર્યા તેમ જ ગ્રામ વિકાસ કોર્ડીનેટર રવિશભાઈ સાંભળે નું માર્ગદર્શન રહ્યું હતું.

# ડાંગ જિલ્લામા રસ્તાના સમારકામની કામગીરી હાથ ધરતુ માર્ગ-મકાન વિભાગ

આહવા: ડાંગ

જિલ્લામા ભારે વરસાદને પગલે આહવા થી ચિંચલી-બાબુલઘાટ રોડ જીઝૅ-૧૪ કે જે ક્ષતિગ્રસ્ત થયો હતો, તેનુ હવે વરસાદનુ જોર ધીમુ પડતા, સમારકામ હાથ ધરાયુ છે. રાજ્યના માર્ગ-મકાન વિભાગ દ્વારા આ રસ્તાનુ મેટલ પેચવર્ક પુર્ણ કરવાની સાથે, ડામર સમારકામની કામગીરી શરૂ કરાતા લોકોને આંશિક રાહત થવા પામી છે.



ચિંચલી-બાબુલઘાટનો કુલ ૩૧.૨ કી.મીનો રોડ રોડ તાત્કાલિક અસરથી પૂર્વવત કરવા માટે, રાજ્ય માર્ગ અને મકાન વિભાગના કાર્યપાલક ઈજનેર શ્રી એમ.આર.પટેલ, અને નાયબ કાર્યપાલક ઈજનેર શ્રી વી.આર.પટેલના માર્ગદર્શન હેઠળ, મદદનીશ ઈજનેર શ્રી ચિરાગ ગાયકવાડ દ્વાર ખડેપગે આ કામગીરી હાથ ધરવામા આવી રહી છે.ઉલ્લેખનીય છે કે, ડાંગ જિલ્લામા માર્ગ-મકાન વિભાગ (રાજ્ય) અંતર્ગત આવતા રોડ તેમજ પંચાયત હસ્તકના ગ્રામ્ય રસ્તાઓની પણ હાલ ડામર પેચવર્કની કામગીરી શરૂ કરવામા આવી છે.



અલકાપુરી સોસાયટી નિકોલમાં જોશી પરિવાર દ્વારા ગણેશ મહોત્સવનું આયોજન કરવામાં આવ્યું. જેમાં ગણેશજી ને અન્નકૂટ ધરાવવામાં આવ્યો સાથે મહાપ્રસાદનું આયોજન અલ્કેશ જોશી પરિવાર દ્વારા સોસાયટીના સભ્યોના સહકાર થી કરવામા આવ્યું. સોસાયટીના સ્રીઓએ મરાઠી વેશભૂષા ધારણ કરી હતી.




ગંગા સમગ્ર પ્રાંતની કાર્યકારિણી બેઠક રાષ્ટ્રીય સ્વયંસેવક સંઘના વરિષ્ઠ પ્રચારક આદરણીય રામાશિષજી (રાષ્ટ્રીય સંગઠન મંત્રી) ની વિશેષ ઉપસ્થિતિમાં ગાંધીનગર સર્કિટ હાઉસ ખાતે યોજાઈ. જેમાં મેયરશ્રી મીરાબેન પટેલ એ ઉપસ્થિત રહી ગંગા સમગ્ર જે ૨૦૧૫ થી દેશમાં નદીઓ પર આવતા સંકટના વિષયને લઈને વિવિધ કાર્ય કરે છે તે બદલ અભિનંદન સહ શુભકામનાઓ પાઠવી હતી.



"Freshcura - Juice wrold 369" નો શુભારંભ સરગાસણ ખાતે થયો. આ પ્રસંગે મેયરશ્રી મીરાબેન પટેલ,ધારાસભ્ય રીટાબેન પટેલ,કોર્પોરેટર મહેન્દ્ર પટેલ ઉપસ્થિત રહી અભિનંદન પાઠવ્યા તેમજ સોપાન સફળ રહે એવી હાર્દિક શુભકામનાઓ પાઠવી.

# પવિત્ર યાત્રાધામ ગઢડામાં જળજીલણી અગિયારસની દિવ્ય પાલખી પધરામણી સાથે ઉજવણી કરાઈ

**ભાવેશ પરમાર (બોટાદ)**

બોટાદ જિલ્લામાં આવેલ સ્વામિનારાયણ સંપ્રદાયનાં પ્રસિદ્ધ ગઢડા(સ્વામીના) મુકામે સ્વામિનારાયણ ભગવાને શરૂ કરેલી જળજીલણી અગિયારસે સમૈયાની અનેરી પરંપરા આજે ૨૨૧ વર્ષે પણ ગોપીનાથજી દેવમંદિર દ્વારા યથાવત જળવાઈ રહી છે. આ દરમિયાન સ્વામિનારાયણ સંપ્રદાયમાં પોતાનું સર્વસ્વ ભગવાનને અર્પણ કરીને સ્વામિનારાયણ ભગવાનને ગઢડામાં રહેવા માટે લાગણીવશ કરનાર બાપુ દાદા ખાચરનું નામ સમર્પણ ભક્તિ માટે સમગ્ર સંપ્રદાયમાં સન્માનીય રહ્યું છે. આ પરંપરા અને ધાર્મિક કાર્યક્રમો દરમિયાન ગણપતિજી અને ઠાકોરજીની જળયાત્રા અને પૂજનવિધિ બાદ ભગવાનની સુવર્ણ પાલખી ભક્તરાજ દાદાખાચરના વંશજ પરિવારના ઘરે પરંપરા મુજબ પધરામણી કરતા ભારે ઉમળકા સાથે સ્વાગત પૂજન કરાયુ હતુ. આ દરમિયાન પૂર્વ નગરપતિ અને બાપુ દાદાખાચર પરિવારના પ્રતાપભાઈ ગભરૂભાઈ ખાચર સહિતના દરેક આગેવાનોના ઘરે પધારેલી ભગવાનની પાલખીને હોંશભેર આવકારી ધાર્મિક વિધિ સંપન્ન કરી હતી. આ દરમિયાન ગોપીનાથજી દેવમંદિરના હરીજીવનદાસજી, બ્રહ્મચારી કપિલેશ્વરાનંદજી સહિત સંતોએ પણ પધરામણી કરી હતી.

# ગાંધીનગર સેકટર- ૧ ખાતેથી મેટ્રો રેલ પ્રોજેક્ટના ફેઝ- ૨ નો આરંભ દેશના વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઇ મોદીના હસ્તે કરાયો



--------------------------------------------

**★મેટ્રો રેલનો આરંભ કરાવી વડાપ્રધાનશ્રી, રાજયપાલશ્રી, મુખ્યમંત્રીશ્રીએ મેટ્રો રેલમાં સેકટર- ૧ થી ગીફ્ટ સીટી સુધી મુસાફરી કરી★-**

--------------------------------------------

**★મેટ્રો રેલની મુસાફરી દરમિયાન વડાપ્રધાનશ્રીએ ગાંધીનગરની વિવિધ શાળા- કોલેજોના અગિયાર વિદ્યાર્થીઓ સાથે સંવાદ કર્યો★**

--------------------------------------------

ગાંધીનગરઃ સોમવારઃ

ભારતના યશસ્વી વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીના હસ્તે આજે અમદાવાદ મેટ્રો રેલ પ્રોજેકટ ફેઝ- ૨ ( મોટેરા- ગાંધીનગર) નો આરંભ કરાવ્યો હતો. મેટ્રો રેલના આરંભ બાદ વડાપ્રધાનશ્રીએ સેકટર- ૧ સ્ટેશનથી ગીફટ સીટી સુધી મેટ્રો રેલમાં મુસાફરી કરી હતી. વડાપ્રધાનશ્રીએ વિવિધ સ્ટેશન ખાતે નાગરિકોનું અભિવાદન પણ ઝીલ્યું હતું.

ભારતના વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદી ત્રણ દિવસ માટે ગુજરાતની મુલાકાતે આવ્યા છે. ચોથા વૈશ્વિક નવીકરણીય સંમેલન અને એક્સ્પો : રી ઈન્વેસ્ટ નો મહાત્મા મંદિર, ગાંધીનગર ખાતે શુભારંભ કરાવ્યો હતો. ત્યારબાદ આજે બપોરના વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીના હસ્તે મેટ્રો રેલ પ્રોજેક્ટના ફેઝ- ૨ એટલે કે મોટેરા થી ગાંધીનગર સુધીના મેટ્રો રેલનો આરંભ કરાવામાં આવ્યો હતો.

વડાપ્રધાનશ્રીએ સેકટર- ૧ ખાતે આવેલા મેટ્રો રેલના સ્ટેશન ખાતે મેટ્રો રેલનો આરંભ કરાવવા પહોંચ્યા હતા. તે સમયે સ્થાનિક નગરજનો દ્વારા દેશના વડાપ્રધાન અને ગુજરાતના સપુત શ્રી નરેન્દ્રભાઈ મોદીનું ઉષ્માભર્યું સ્વાગત કરવા માટે ઉમટી પડ્યા હતા. દેશના વડાપ્રધાનશ્રીનું સ્વાગત ઢોલ, નગારા, ત્રાંસ્વ, ઘંટારવ ગુંજારવથી સેકટર- ૧ ના મેટ્રો રેલ સ્ટેશન ખાતે કરવામાં આવ્યું હતું. વડાપ્રધાનશ્રીએ સર્વે નાગરિકોનું અભિવાદન, વંદન કરીને અને હાથ હલાવી ઝીલ્યું હતું.

મોટેરા થી ગાંધીનગરના ફેઝ- ૨ મેટ્રો રેલનો આરંભ કરાવતાં પહેલા વડાપ્રધાનશ્રીએ રેલ સ્ટેશનની મુલાકાત લીધી હતી. તેની સુવિધાઓ સહિત અન્ય વિસ્તૃત માહિતી મેળવી હતી. મેટ્રો રેલનો આરંભ કરાવ્યા બાદ તેમણે મેટ્રો રેલમાં બેસીને મુસાફરી કરી હતી. વડાપ્રધાનશ્રી સાથે મેટ્રો રેલની મુસાફરીમાં ગુજરાત રાજયના રાજયપાલ શ્રી આચાર્ય દેવવ્રત, મુખ્ય મંત્રી શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલ, ગૃહ રાજય મંત્રી શ્રી હર્ષ સંઘવી, ગાંધીનગર(ઉ)ના ધારાસભ્ય શ્રી રીટાબેન પટેલ, ગાંધીનગર(દ) ધારાસભ્ય શ્રી અલ્પેશ ઠાકોર, માણસાના ધારાસભ્ય શ્રી જે.એસ.પટેલ, કલોલના ધારાસભ્ય શ્રી લક્ષ્મણજી ઠાકોર, દહેગામના ધારાસભ્ય શ્રી બલરાજસિંહ ચૌહાણ સહિત મહાનુભાવો અને અધિકારીઓ જોડાયા હતા. આ મેટ્રો રેલની મુસાફરી દરમિયાન વડાપ્રધાનશ્રીએ તેમની મુસાફરીમાં સહભાગી બનેલા શાળા-કોલેજના અગિયાર વિદ્યાર્થીઓ સાથે સંવાદ કર્યો હતો.

મેટ્રો રેલ રાંદેસણ સ્ટેશન પાસે પહોંચી હતી, ત્યારે સ્થાનિક નાગરિકો સહિત વિદ્યાર્થીઓએ તેમનું સ્વાગત રાષ્ટ્ર ધ્વજ લહેરાવી અને હાથ હલાવીને કર્યું હતું.

મેટ્રો રેલના આરંભ થતાં નાગરિકોનો અભિપ્રાય તેમના મુખે :

(૧) વોલસી ચૌધરી, (પી.ડી.ઈ.યુ વિદ્યાર્થી)★

"૨૦૧૫ થી જેની રાહ જોઈ રહ્યા હતા તે સ્વપ્ન આજે સાકાર થશે. પ્રધાનમંત્રી શ્રી દ્વારા મેટ્રોના લોકાર્પણ પ્રસંગે એક વિદ્યાર્થી તરીકે હાજર રહેવાની જે તક મળી છે તે અમારું સૌભાગ્ય છે. સામાન્ય નાગરિકો પણ હવે એ.સી વાળી અને એમાં પણ નજીવા ભાડાથી ચાલતી ટ્રેનમાં બેસી શાંતિની સફર માણી શકશે તેનો આનંદ છે. વડાપ્રધાનશ્રીનો આભાર વ્યક્ત કરું છું કે તેમણે અપડાઉન કરતા નોકરીયાત, વિદ્યાર્થીઓ વગેરેની રોજિંદી પરિવહનની તકલીફો મેટ્રો દ્વારા દૂર કરી દીધી. હવે ગણતરીની મિનિટોમાં જ અમદાવાદ ગાંધીનગરની મુસાફરી કરી શકાય છે, જેનો ખુબ જ આનંદ છે. –

★(૨) જાહન્વી અરકેરી (પી.ડી.ઈ.યુ વિદ્યાર્થી )( મૂળ રહેવાસી કર્ણાટકના)★

"જ્યારે હું ગાંધીનગરમાં પ્રથમવાર આવી ત્યારે આ મેટ્રો સ્ટેશન નિર્માણ થવાના પાયા નખાયા હતા અને આજે હું એના ઉદ્ઘાટન પ્રસંગની સાક્ષી બની છું, જેનો મને ગર્વ છે. આજે રાંદેસણ મેટ્રો સ્ટેશન પર વિદ્યાર્થી તરીકે પ્રધાનમંત્રીશ્રીનું અભિવાદન કરવાની તક મળી છે તે અમારા માટે એક અદભુત ક્ષણ છે. મેટ્રોની વાત કરું તો સૌના ખિસ્સાને પરવડે તેવા ભાડાથી સરળ અને સુવિધાજનક ટ્રાન્સપોર્ટેશન ઉપલબ્ધ કરાવવા બદલ પ્રધાનમંત્રીશ્રી નો ખૂબ ખૂબ આભાર."

★(૩) તારપરા ધર્મ ગોરધનભાઈ, ( સ્વામિનારાયણ ધામ શાળા, કુડાસણ)★

"પહેલા નીચે જમીન પર પથરાયેલા પાટા પર ચાલતી સાદી ટ્રેન જોઈ હતી.પણ આટલી ઊંચાઈ પર ચાલતી મેટ્રો ટ્રેન રૂબરૂમાં જોવાનો આજે પહેલીવાર મોકો મળ્યો છે, અને ગાંધીનગર અમદાવાદ વચ્ચે ચાલતી આ મેટ્રો ટ્રેનમાં એ.સી. પણ છે અને ભાડું પણ ઓછું છે. જેથી દરેક વ્યક્તિ આ સફર માણી શકશે. હું અત્યારે ગાંધીનગર સ્વામિનારાયણ ધામમાં અભ્યાસ કરું છું. પણ મૂળ સુરતથી આવું છું. હવે સુરત જવા માટે ગાંધીનગરથી અમદાવાદ અમારે ટ્રેન પકડવા રીક્ષા કે બસમાં નહીં જવું પડે પણ અમે આ ટ્રેનમાં મજા માણતા માણતા અમદાવાદ પહોંચીશું."

★(૪) ગુણવંતભાઈ પટેલ – કુડાસણ-રહેવાસી★

છેલ્લા ૨૦ વર્ષથી રાંદેસણ વિસ્તારમાં રહેતા ગુણવંતભાઈ પટેલ નાગરિક તરીકે જણાવે છે કે, વિકસિત થતા ગાંધીનગરને જોતા ખૂબ આનંદ અનુભવું છું. ગાંધીનગરમાં સૌપ્રથમ મેટ્રો ટ્રેન શરૂ થઈ છે તે ઐતિહાસિક ક્ષણના સાક્ષી બન્યાની ખૂબ જ ખુશી સાથે ગર્વ પણ અનુભવું છું. -

(૫) રાકેશ ભાખરિયા : રાંદેસણ- રહેવાસી

"મેટ્રોના પ્રોજેકટની સફળતા બદલ નગરજનોને અભિનંદન! બે શહેરો વચ્ચે ચાલતી આ ટ્રેન ખરેખર પરિવહનની જીવા દોરી સમાન બની રહેશે. આદરણીય પ્રધાનમંત્રીશ્રીનો આ ડ્રીમ પ્રોજેક્ટ પણ હતો. આજે આ ક્ષણે ગાંધીનગરના એક નાગરિક તરીકે ગર્વની અનુભૂતિ થાય છે, અને ગાંધીનગરને મેટ્રો ટ્રેનની આ ભેટ આપવા બદલ સર્વે નગરજનો વતી પ્રધાનમંત્રીશ્રી નો ખૂબ ખૂબ આભાર વ્યક્ત કરું છું. "

Printer/Publisher/Owner & Editor : Pradip A. Raval Printed At :-Shivam Offset, Plot No. 101/1/9, G.I.D.C., Sector-28, Gandhinagar. Published At Plot No. 581/1, Sector - 7B, Gandhinagar - 382007, Gujarat.